
તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન



# જુલાઇ

## Part 2

## 2026

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**CCE | TAT | TET | HTAT**

# Most Imp Current Affairs - 16 to 31 July 2026

## 16 જુલાઈ

- ઇજિપ્તના લક્સર સ્થિત **શેખ અબ્દ અલ-કુર્ના નેક્રોપોલિસમાં** પુરાતત્વવિદોને આશરે 3000 વર્ષ જૂની એક કબર મળી આવી છે. આ મહત્ત્વપૂર્ણ શોધ નેધરલેન્ડની લાઇડેન યુનિવર્સિટીના પુરાતત્વવિદો દ્વારા કરાઇ છે. સંશોધકોના જણાવ્યા અનુસાર, આ કબર **રામેસીડ કાળની** છે.

- 4 જુલાઈએ અમેરિકાની આઝાદીનાં 250 વર્ષ પૂરાં થાય છે. આ નિમિત્તે અમેરિકા એક ખાસ સોનાનો સિક્કો બહાર પાડવા જઈ રહી છે. આ સિક્કા પર વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તસવીર છે. છેલ્લા 100 વર્ષમાં પહેલીવાર અમેરિકાના કોઈ પ્રમુખ પોતાની હયાતીમાં પોતાનો જ ચહેરો દર્શાવતો સોનાનો સિક્કો બહાર પાડશે. સિક્કા પર લિબર્ટી અને 'ઇન ગૉડ વી ટ્રસ્ટ' કોતરાયેલું છે. સાથે જ સિક્કા પર 1776-2026 લખવામાં આવ્યું છે. વર્ષ 1926માં અમેરિકાના તત્કાલિન પ્રમુખ કેલ્વિન કૂલિજે પોતાની તસવીર ધરાવતો સિક્કો બહાર પાડયો હતો. એ પછી ક્યારેય કોઈ સીટિંગ પ્રમુખનો સિક્કો જારી થયો નથી.

- 16 જુલાઈ વિશ્વ સર્પ દિવસ. દુનિયામાં 3000થી વધુ સાપની વિવિધ પ્રજાતિઓ જોવા મળે છે. પરંતુ, તેમાંથી માત્ર 375 જેટલા સાપ જ ઝેરી પ્રજાતિના છે. ભારતીય ઝેરી સાપોમાં **કોબ્રાનું** નામ છે જેનું ઝેર સીધી જ જ્ઞાનતંતુઓ પર અસર કરે છે. આફ્રિકન પ્રજાતિમાં **પફ એડ્ડર** સાપ સૌથી ઝેરી માનવામાં આવે છે.

- ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન દ્વારા **'The Voice of Justice: Justice Gavai Speaks'** પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ **જસ્ટિસ બી. આર. ગવાઈના** વિચારો અને વ્યાખ્યાનોનો સંગ્રહ છે. આ પુસ્તકનું સંપાદન પ્રો. ડો. એસ. શિવકુમારે કર્યું છે.

- **સ્પેનની** ફૂટબોલ ટીમ ફીફા વર્લ્ડ કપ 2026ની ફાઇનલમાં પ્રવેશી. અમેરિકાના ટેક્સાસમાં આવેલા ડલાસ સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ સેમિફાઇનલ મેચમાં સ્પેને ફ્રાન્સને 2-0 થી હરાવ્યું હતું.

- 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ 2026 માટે સતાવાર મોસ્કોટ **'મયુર'નું** અનાવરણ કરવામાં આવ્યું. આ સ્પર્ધા દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમ ખાતે 27 જુલાઈથી 2 ઓગસ્ટ 2026 દરમિયાન આયોજિત થશે. આ મોસ્કોટ ભારતના રાષ્ટ્રીય પક્ષી 'મોર'થી પ્રેરિત છે જે ઊર્જા, અતિથ્ય સતકાર અને એકતાનું પ્રતીક માનવામાં આવે છે.

- ભારત સરકારે દેશમાં પ્રથમ વખત ઔપચારિક સેવા ક્ષેત્રના વિકાસને માપવા માટે એક નવો માસિક ઈન્ડેક્સ **'ટ્રાયલ ઈન્ડેક્સ ઓફ સર્વિસીસ પ્રોડક્શન' (ISP)** બહાર પાડ્યો છે. આ ઇન્ડેક્સ માટે વર્ષ 2024-25ને આધાર વર્ષ (base year) બનાવવામાં આવ્યું છે. આંકડાશાસ્ત્ર મંત્રાલય (MOSPI) દ્વારા જાહેર કરાયેલો આ પ્રથમ ઈન્ડેક્સ સેવા ક્ષેત્રના **19 પેટા-ક્ષેત્રોને** આવરી લે છે, જે ભારતના કુલ સેવા ક્ષેત્રનો આશરે 60**%** હિસ્સો છે. હોટેલ અને ફૂડ સર્વિસીસ **37.2%ના** વિકાસ દર સાથે સૌથી આગળ છે, જ્યોર રિટેલ વેપાર **30.8%** સાથે બીજા નંબર પર છે.

- **IIT ગાંધીનગરના** સંશોધકોએ ઘા રૂઝવવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે એક અદ્યતન એન્ટિબાયોટિક-મુક્ત મલ્ટિફંક્શનલ ઈન્જેક્ટેબલ હાઈડ્રોજેલ વિકસાવ્યો છે. આ **સંશોધન 'ACS Applied Bio Materials' જર્નલમાં પ્રકાશિત** થયું છે. આ જેલ **મેટલ ફેનોલિક નેટવર્ક** પર આધારિત છે. તેમાં **સોરીયમ** અને **રૂટિનનો** ઉપયોગ કરવામાં આવ્યો છે. સોરીયમ એ એન્ટીઓક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે અને રૂટિન એ કુદરતી એન્ટી ઓક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે.

- કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી સંસ્કૃતિ, ભાષા અને કલાના સંરક્ષણ માટે **TribeX પ્લેટફોર્મ** શરૂ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ આદિવાસી ડિજિટલ સ્વરૂપે સાચવવાનું અને શિક્ષણ આપવાનું માધ્યમ બનશે. હાલમાં આ પ્લેટફોર્મ પર આદિવાસી ચિત્રકલા, હસ્તકલા હેંડલુમ અને પરંપરાગત સંગીતનાં સાધનો જેવા વિવિધ વિષયો પર 20 મફત સર્ટિફિકેટ કોર્સ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

## 17 જુલાઈ

- ગુજરાતની ઐતિહાસિક ઓળખ ધરાવતી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણકી વાવ, પાટણના થ્રીડી પ્રોજેક્શન મેપિંગ શો અને હેરિટેજ લાઈટીંગ પ્રોજેક્ટને 17મા WOW એવોર્ડ્સ એશિયા 2026માં પ્રતિષ્ઠિત ગોલ્ડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો. આ સન્માન ‘એક્સપિરિયન્શિયલ ટેક એવોર્ડ્સ -અચીવમેન્ટ ઈન ઓડિયો-વિઝ્યુઅલ ફોર એન ઈવેન્ટ’ કેટેગરીમાં આપવામાં આવ્યું છે.

- જગન્નાથની **149મી રથયાત્રા 2026** અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવી. **1878માં અમદાવાદ** ખાતે **સંત શ્રી નૃહસિંહ દાસે** આ રથયાત્રાની શરૂઆત કરી હતી. રથયાત્રામાં **પહિંદ વિધિ** કરવામાં આવે છે જેમાં **મુખ્યમંત્રી** દ્વારા જે માર્ગે રથયાત્રા નીકળવાની હોય તે માર્ગને **સોનાની સાવરણીથી** વાળે છે. પુરીમાં આ વિધીને **ચેર પ્રહર તરીકે** ઓળખવામાં આવે છે. રથયાત્રામાં પુરી ખાતે પ્રસાદમાં પોડા પીઠા (એક પ્રકારનો રોટલો) અને ગુજરાતમાં મગ અને જાબું આપવામાં આવે છે. અમદાવાદ ઉપરાંત સૌથી મોટી જગન્નાથ રથયાત્રા ઓરિસ્સાના પુરી ખાતે આયોજિત થાય છે. **જગન્નાથ પુરી, ઓરિસ્સાને સફેદ પેંગોડા તથા યામાનીકા તીર્થ** તરીકે ઓળખવામાં આવે છે. પુરીના હાલના મંદિરનું નિર્માણ **ઈ.સ. 1211-1238માં અનંગભીમ 2** દ્વારા કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં સમાવિષ્ટ રથનાં નામ છે - **જગન્નાથ (નંદિઘોષ), બલરામ (તાલધ્વજ) અને સુભદ્રા (દર્પદલન).**

- સુપ્રીમ કોર્ટે સીબીએસઈની ત્રણ-ભાષા નીતિ હેઠળ ધોરણ 9થી ત્રીજી ભાષા શરૂ કરવાની સમયસીમા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ન્યાયમૂર્તિ બીવી નાગરત્ના અને આર મહાદેવનની બેન્ચે કેન્દ્રને મૌખિક રીતે કહ્યું કે ધોરણ 9થી નવી ભાષા શરૂ ન કરવી જોઈએ. બેન્ચે કહ્યું કે આથી બાળકોનો તણાવ અનાવશ્યક રીતે વધશે. કોર્ટે સૂચન કર્યું કે ત્રીજી ભાષા શીખવવી હોય તો **ધોરણ 5 અથવા 6થી** શરૂ કરાવવી જોઈએ. ધોરણ 9 સુધીમાં તેનો અભ્યાસ પૂરો થઈ જવો જોઈએ. બેન્ચે કહ્યું કે ધોરણ 8ના અંતથી બાળકો પર અભ્યાસનું દબાણ શરૂ થઈ જાય છે. તેથી ધોરણ 9માં નવી ભાષા ઉમેરવાથી ભાર વધશે.

- બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તારિક રહમાને **તીસ્તા નદી પ્રોજેક્ટમાં** ભારતના ઈન્વેસ્ટમેન્ટ (રોકાણ) પ્રસ્તાવને ના પાડીને આ કામ ચીનને સોંપી દીધું છે. ચીન લગભગ રૂ. 9 હજાર કરોડના તીસ્તા રિવર મેનેજમેન્ટ પ્રોજેક્ટ (ટીઆરએમપી)માં રૂ. 7 હજાર કરોડ સોફ્ટ લોન તરીકે આપશે. બાંગ્લાદેશે આ લોન 50 વર્ષમાં ચૂકવવાની રહેશે. ભારતે ચીનને દૂર રાખવા માટે 2024માં તત્કાલીન શેખ હસીના સરકારને રૂ. 9 હજાર કરોડનો પ્રસ્તાવ મોકલ્યો હતો. પરંતુ. હસીના સરકારના પતન બાદ મોહમ્મદ યુનુસની વચગાળાની

સરકારે આ અંગે કોઈ નિર્ણય લીધો ન હતો. હવે રહમાન સરકારે ચીનની સરકારી કંપની **પાવર ચાઈના** સાથે કરાર કર્યો છે. 414 કિમી લાંબી તીસ્તા નદી હિમાલયથી સિક્કિમ, પશ્ચિમ બંગાળ થઈને બાંગ્લાદેશમાં આવે છે. 2011માં વચગાળાના જળ કરારમાં 37.5% પાણી બાંગ્લાદેશને મળવાનું હતું. પશ્ચિમ બંગાળે આનો વિરોધ કર્યો હતો, જેના કારણે આ જળ કરાર ટળી ગયો હતો. પ્રોજેક્ટ વિસ્તાર (નીલફામારી અને રંગપુર) ભારતીય સરહદથી 10-12 કિમી જ્યારે સિલિગુડી કોરિડોરથી 22 કિમી દૂર છે. સિલિગુડી કોરિડોર ભારતની મુખ્ય ભૂમિને પૂર્વોત્તરનાં 7 રાજ્ય સાથે જોડે છે. પૂર્વોત્તરના એન્ટ્રી પોઇન્ટ માટે આ જોખમ બની શકે છે. સુરક્ષા નિષ્ણાતોની ચિંતા છે કે સેંકડો ચીની એન્જિનિયરો અને ટેકનિશિયનોની ભારતની પૂર્વોત્તર સરહદ જેવી સંવેદનશીલ જગ્યા પર હાજરી ભારત માટે મોટો પડકાર બનશે.

- સંયુક્ત રાષ્ટ્રની સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક AI પેનલે AI અંગેનો પોતાનો પ્રથમ વૈજ્ઞાનિક અહેવાલ જાહેર કર્યો છે. જે અનુસાર AIનો વિકાસ વૈજ્ઞાનિક સમજણ અને સરકારોની નિયમન વ્યવસ્થા કરતાં વધુ ઝડપથી થઈ રહ્યો છે. જો સમયસર યોગ્ય નિયમન અને સુરક્ષા વ્યવસ્થા ઉભી નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં ગંભીર અને વિનાશક જોખમો ઊભાં થઈ શકે છે. આરોગ્ય, શિક્ષણ અને કૃષિ જેવાં ક્ષેત્રોમાં AI લાભદાયી હોવા છતાં ખોટી માહિતી, સાયબર હુમલા અને સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખી સરકારોએ તાત્કાલિક વૈશ્વિક નિયમન અને સુરક્ષા માળખું વિકસાવવું જોઈએ.

- ચેન્નઈ સ્થિત **MRF ટાયર્સને** 'બ્રાન્ડ ફાઇનાન્સ ઇન્ડિયા 100–2026' અહેવાલમાં ભારતની સૌથી મૂલ્યવાન અને સૌથી મજબૂત ટાયર બ્રાન્ડ તરીકે સ્થાન મળ્યું છે. અહેવાલ અનુસાર, MRFને 100માંથી 87.7નો બ્રાન્ડ સ્ટ્રેન્થ ઇન્ડેક્સ સ્કોર મળ્યો છે. આ સાથે MRF વિશ્વની ત્રણ સૌથી મજબૂત ટાયર બ્રાન્ડ્સમાં પણ સામેલ થઈ છે. MRFના ચેરમેન અને MD **એમ. મમ્મેન** છે. MRFની સ્થાપના વર્ષ 1946માં થઈ હતી.

## 18 જુલાઈ

- ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના **જીંદ રેલવે સ્ટેશન** પર લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. જીંદ-સોનપત રૂટ પર 89 કિલોમીટરનું અંતર આ ટ્રેન બે કલાકમાં કાપશે. ટ્રેનમાં 10 કોચ છે. આ ટ્રેન **સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીથી** બનાવવામાં આવી છે. આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, 'ભારતે પ્રથમ પ્રયાસમાં જ સીધી 10 કોચવાળી હાઇડ્રોજન ટ્રેન ચલાવીને વિશ્વમાં કીર્તિમાન સ્થાપ્યો છે. વ્યવસાયિક રીતે આવી પ્રથમ ટ્રેન જર્મનીએ ચલાવી હતી. આ ટ્રેન **9 લીટર પાણીમાંથી 1 કિલો હાઇડ્રોજન ગેસ** તૈયાર કરે છે. ટ્રેનમાં લગાવવામાં આવેલા 8 હાઇડ્રોજન ફ્યુઅલ સેલ રાસાયણિક પ્રક્રિયા દ્વારા વીજળી ઉત્પન્ન કરીને લીથીયમ બેટરીઓ ચાર્જ કરે છે.

- જૂનાગઢ શહેરના **ગિરનાર વન્યજીવ અભયારણ્ય** વિસ્તારમાં તાજેતરમાં સિંહે બાળકને ફાડી ખાધાની ઘટના બાદ સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સુરક્ષા માટે પ્રાયોગિક ધોરણે **ઇન-આઉટ રજીસ્ટ્રેશન સિસ્ટમ** શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે યાત્રાળુઓ પાસે સ્માર્ટફોન નહીં હોય તેમનું ફરજ પરના સ્ટાફની મદદથી ઓફલાઈન રજિસ્ટ્રેશન સ્થળ પર જ થઈ શકશે. ઉપરાંત, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક યાત્રાળુઓને પોતાનું કોઈપણ એક ઓળખ કાર્ડ સાથે રાખે તેવી અપીલ કરી છે. આ માટે **Register.bhavnathtemple.com** પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

- આયોગે **2035** સુધીમાં ભારતને વિશ્વની ટોચની ત્રણ બાયોટેકનોલોજી શક્તિઓમાં સ્થાન આપવા માટે એક રોડમેપ બહાર પાડ્યો છે. તેમાં ₹50,000 કરોડના મૂલ્યનો 'બાયો-ઇકોનોમી ગ્રોથ ફંડ' બનાવવાની દરખાસ્ત

છે. આ અહેવાલમાં ભારતની બાયો-ઇકોનોમીને 2025માં $195.3 બિલિયનથી વધારીને 2035 સુધીમાં $691 બિલિયન કરવાનો લક્ષ્યાંક છે. તેમાં બાયો-મેન્યુફેક્ચરિંગ માટે છ રાષ્ટ્રીય મિશન શરૂ કરવાની યોજનાઓની પણ રૂપરેખા આપવામાં આવી છે.

- ભારતીય વાયુસેના ઓસ્ટ્રેલિયામાં બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત 'એક્સરસાઇઝ પિચ બ્લેક 2026'માં ભાગ લેશે. આ કવાયત 20 જુલાઈથી 7 ઓગસ્ટ દરમિયાન ડાર્વિન અને ઉત્તર ઓસ્ટ્રેલિયાના અન્ય સ્થળોએ યોજાશે. ભારત સહિત 20 દેશોની વાયુસેના ભાગ લેશે, જેમાં આશરે 100 ફાઇટર એરક્રાફ્ટ અને 2500 લશ્કરી કર્મચારીઓ ભાગ લેશે.

## 19 જુલાઈ

- 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. આ પુરસ્કારો વર્ષ 2024માં CBFC દ્વારા પ્રમાણિત થયેલી ફિલ્મો માટે આપવામાં આવે છે.
  - બેસ્ટ ફીચર ફિલ્મ - આર્ટિકલ 370
  - બેસ્ટ હિંદી ફિલ્મ - શ્રીકાંત
  - બેસ્ટ ગુજરાતી ફિલ્મ - મારણ
  - બેસ્ટ એક્ટર - કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન) અને મમુટી (ભ્રમયુગમ)
  - બેસ્ટ એક્ટ્રેસ - યામી ગૌતમ (આર્ટિકલ 370 )
  - બેસ્ટ ડિરેક્ટર - રાજકુમાર પેરિયાસામી (અમરન)
  - મનોરંજનથી ભરપૂર બેસ્ટ ફિલ્મ - કલ્કિ 2898 એડી
  - બેસ્ટ બાળ કલાકાર - ઋદ્ધિમાન બેનર્જી, તપોમય દેબ, ગીતાશ્રી ચક્રવર્તી, અરુણાદેવ પોથુલા અને અતિશ એસ. શેટ્ટી
  - બેસ્ટ કોરિયોગ્રાફી - વિજય ગાંગુલી (સ્ત્રી 2)
- ભારતીય અંતરિક્ષ ક્ષેત્રની ખાનગી કંપની **સ્કાયરૂટ એરોસ્પેસ** દ્વારા સ્વદેશી ટેકનિકથી વિકસાવવામાં આવેલું રોકેટ **'વિક્રમ-1'** સફળતાપૂર્વક પૃથ્વીની નીચલી કક્ષા (Low Earth Orbit)માં પહોંચ્યું હતું. મિશન **'આગમન'** હેઠળ રોકેટે લિફ્ટ-ઓફ બાદ લગભગ 15 મિનિટમાં પોતાનાં તમામ 6 પેલોડ પૃથ્વીથી આશરે 450 કિમી ઉપર નિર્ધારિત કક્ષામાં સ્થાપિત કર્યાં હતાં. ભારતમાં અત્યાર સુધી માત્ર ઈસરો (ISRO) જ ઓર્બિટલ રોકેટ લોન્ચ કરતું હતું, પરંતુ પ્રથમ વખત કોઈ ખાનગી કંપનીએ આ સિદ્ધિ મેળવી છે. **અમેરિકા** અને **ચીન** પછી ખાનગી ક્ષેત્ર દ્વારા ઓર્બિટલ રોકેટ લોન્ચ કરનાર ભારત **ત્રીજો દેશ** બન્યો છે. સંપૂર્ણપણે હળવા અને મજબૂત કાર્બન ફાઇબર કોમ્પોઝિટથી બનેલું વિક્રમ-1 ભારતીય ખાનગી અંતરિક્ષ ક્ષેત્ર માટે એક ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવે છે.

- **અંતરિક્ષમાં પહોંચેલાં 6 પેલોડ:**

✓ **Embrace:** ઇન-ઓર્બિટ સોફ્ટ રોબોટિક આર્મ ટેકનોલોજીનું પ્રદર્શન કરનાર પેલોડ.
✓ **SOLARAS S3:** ભવિષ્યનાં મિશનો માટે ઉપગ્રહ પ્રણાલીઓનું પરીક્ષણ કરનાર ક્યુબસેટ.
✓ **SCOPE:** નવી અંતરિક્ષ ટેકનોલોજીના ઇન-ઓર્બિટ વેરિફિકેશન માટેનો ટેસ્ટ સેટેલાઇટ.
✓ **Pin Puller અને Release Nut:** સેટેલાઇટ છોડવાના મિકેનિઝમની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાનું પરીક્ષણ કરનાર પેલોડ.
✓ **Cosmic Bloom:** 32 હીરાથી બનેલું કમળ, જે અવકાશમાં ભારતીય કલા અને સંસ્કૃતિનું પ્રતીક રજૂ કરે છે.
✓ **Swarn Mini Rocket:** વૈજ્ઞાનિક સી. વી. રામન**,** ડૉ. વિક્રમ સારાભાઇ અને ડૉ. એ.પી.જે. અબ્દુલ **કલામ**ની લઘુ પ્રતિમાઓ ધરાવતો સ્મારક પેલોડ.
✓ આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લખાયેલું **'વંદે માતરમ'** સંદેશ ધરાવતું પ્રતીકાત્મક પોસ્ટકાર્ડ પણ અવકાશમાં મોકલવામાં આવ્યું હતું.

- **વેસ્ટ ઈન્ડિઝના** ઓલરાઉન્ડર **સર ગેરી સોબર્સનું** અવસાન થયું છે. તેઓ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એક જ ઓવરમાં 6 છગ્ગા મારનાર પ્રથમ બેટ્સમેન હતા. 1958માં પાકિસ્તાન સામે 365 રનની તેમની અણનમ ઇનિંગ્સે 36 વર્ષ સુધી ટેસ્ટ ક્રિકેટમાં વિશ્વ રેકોર્ડ બનાવ્યો.

- ચીનના રાષ્ટ્રપતિ **શી જિનપિંગે** WAICO (વર્લ્ડ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન)ની સ્થાપનાની જાહેરાત કરી છે. આ સંગઠનનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગ અને AI ગવર્નન્સને પ્રોત્સાહન આપવાનો**, ખાસ કરીને** વિકાસશીલ અને ગ્લોબલ સાઉથના દેશોને AI વિકાસમાં સહભાગી બનાવવાનો છે. બ્રાઝિલ, રશિયા, દક્ષિણ આફ્રિકા, ઇન્ડોનેશિયા, પાકિસ્તાન, મલેશિયા સહિત 29 દેશોએ તેના સ્થાપક સભ્ય તરીકે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ સંગઠનનું મુખ્ય મથક **શાંઘાઈ (ચીન)માં** રહેશે.

- સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન (CDSCO)એ ફેટી લીવર રોગના ગંભીર સ્વરૂપ MASHની સારવાર માટે **'વેગોવી'** ઈન્જેક્શનને મંજૂરી આપી છે. આ દેશની પ્રથમ માન્ય GLP-1 થેરાપી છે. ક્લિનિકલ ટ્રાયલ્સે 63% દર્દીઓમાં લીવર સોજામાં ઘટાડો દર્શાવ્યો છે. આ દવા લીવરની ચરબી અને સોજા ઘટાડવામાં મદદ કરે છે.

- ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની વર્ગ 1અને વર્ગ 2ની  પરીક્ષામાં ઇન્ટરવ્યૂ સુધી પહોંચેલા કે પ્રતીક્ષા યાદીમાં રહેલા ઉમેદવારોને **'અવસર'** મોડ્યુલ હેઠળ તેમને અનુરૂપ ખાનગી, સરકારી કે સહકારી વિભાગમાં નોકરી આપવામાં આવશે.

- ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન (DSIR)માં વધતા ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખીને હવે ખંભાતના અખાતના દરિયાના પાણીનો ઉપયોગ કરીને 200 MLD (મિલિયન લિટર પ્રતિદિન) ક્ષમતાવાળો સીઓવોટર ડીસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની દિશામાં પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તે માત્ર પરંપરાગત ડીસેલિનેશન પ્લાન્ટ નહીં રહે. તેમાં રિન્યુએબલ એનર્જી ઇન્ટિગ્રેશન અને ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ જેવી આધુનિક પદ્ધતિઓનો સમાવેશ કરવાની યોજના છે. ધોલેરાના સોલાર પાર્ક અને અન્ય હરિત ઊર્જા સ્ત્રોતો દ્વારા પ્લાન્ટ ચલાવવાની શક્યતા પર વિચારણા ચાલી રહી છે, જેથી કાર્બન

ફૂટપ્રિન્ટ ઘટાડી શકાય. સાથે સાથે ડીસેલિનેશન દરમિયાન ઉત્પન્ન થતી ખારી **બ્રાઈનમાંથી** સંસાધનો પુનઃપ્રાપ્ત કરીને 'સરક્યુલર ઇકોનોમી' અમલમાં મૂકવાની દિશામાં પણ કામ થશે. પ્લાન્ટ સંપૂર્ણપણે ઓટોમેટેડ રહેશે અને તેમાં અદ્યતન ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

- **બ્રાઈન:** ડીસેલિનેશન પ્રક્રિયામાં તાજું પાણી અલગ કર્યા બાદ બચતું વધુ ક્ષારયુક્ત પાણી બ્રાઈન કહેવાય છે. બ્રાઈનનો યોગ્ય ઉપચાર અને નિકાલ ન કરવામાં આવે તો દરિયાઈ પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી શકે છે. બ્રાઈનમાંથી સંભવિત રીતે નીચેનાં સંસાધનો મેળવી શકાય છે:

✓ **મીઠું (સોડિયમ ક્લોરાઈડ):** શુદ્ધ ટેબલ સોલ્ટ
✓ **મેગ્નેશિયમ:** હળવા એલોય, વાહનઉદ્યોગ, બાંધકામ સામગ્રી અને વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોમાં
✓ **લિથિયમ:** લિથિયમ-આયન બેટરી માટે મહત્ત્વનું તત્ત્વ
✓ **પોટેશિયમ:** ખાતર અને રાસાયણિક ઉદ્યોગમાં ઉપયોગી
✓ **કેલ્શિયમ:** સિમેન્ટ, બાંધકામ સામગ્રી અને ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં ઉપયોગ
✓ **બોરોન:** કાચ, સિરામિક, કૃષિ અને રાસાયણિક ઉદ્યોગમાં ઉપયોગી

- વડનગર મહેસાણાના ઐતિહાસિક વડનગરને વધુ એક વૈશ્વિક ગૌરવ મળ્યું છે**. ઇટાલીના કોમો** શહેરમાં યોજાયેલા વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ડિઝાઇન એવોર્ડ સમારોહમાં અનંત અનાદિ વડનગર આર્કિયોલોજિકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમને કલ્ચરલ હેરિટેજ એન્ડ કલ્ચર ઇન્ડસ્ટ્રી ડિઝાઇન કેટેગરીમાં સર્વોચ્ચ **'પ્લેટિનમ A' ડિઝાઈન એવોર્ડ** એનાયત કરાયો. વિશ્વના હજારો ડિઝાઇનર્સ વચ્ચે આ મ્યુઝિયમની ડિઝાઈન સર્વશ્રેષ્ઠ ઠેરવાઈ.

- ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ આરોગ્ય સંભાળમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ 5 વરિષ્ઠ ડોક્ટરોને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. સન્માનિતોમાં ડૉ. ભારત અગ્રવાલ, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. સી.પી. ઠાકુર, સ્પાઇન સર્જન ડૉ. (પ્રો.) એસ. રાજશેખરન, વરિષ્ઠ રોગવિજ્ઞાની ડૉ. નવીન ડાંગ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. એ. કે. પટેલનો સમાવેશ થાય છે.

## 20 જુલાઈ

- ટાટા ગ્રુપની ટાટા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્રાઇવેટ લિમિટેડ (TSMPL)ને **ધોલેરા** ખાતે દેશના પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટના વિસ્તરણ માટે કાનૂની મંજૂરી આપવામાં આવી છે. કંપનીએ પ્રોજેક્ટનું કુલ રોકાણ વધારીને **₹91,920 કરોડ** કરવાનો નિર્ણય લીધો છે. વિસ્તરણ બાદ પ્લાન્ટની ઇન્ટિગ્રેટેડ સર્કિટ (IC) વેફર ઉત્પાદન ક્ષમતા **દર મહિને 70,000 વેફર સ્ટાર્ટ્સ (WSPM)** સુધી પહોંચશે. આ પ્રોજેક્ટ ભારતને સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

- બે વખત ઓલિમ્પિક મેડલ વિજેતા **પી વી સિંધુએ** ટોક્યોમાં પ્રથમ વખત જાપાન ઓપન 'સુપર 750' બેડમિન્ટન ટુર્નામેન્ટનું ટાઇટલ જીત્યું. 31 વર્ષની સિંધુ આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ જીતનાર ભારતની પ્રથમ બેડમિન્ટન ખેલાડી બની છે.

- 20 જુલાઈ આંતરરાષ્ટ્રીય ચેસ દિવસ. ભારતમાં ચેસને શતરંજ તરીકે ઓળખવામાં આવે છે અને તેનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથ મહાભારતમાં પણ જોવા મળે છે. ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશન એ ચેસની રમત સાથે જોડાયેલી સર્વોચ્ચ સંસ્થા છે જેના અધ્યક્ષ આર્કોડી ડોકોવિચ અને ઉપાધ્યક્ષ વિશ્વનાથન આનંદ છે.

- APEDA દ્વારા જમ્મુ કાશ્મીરના શોપિયા અને પુલવામાંથી પ્રીમિયમ **'અરેકો ચેરી' અને 'સેન્ટરોઝ પ્લમ'ની** સિંગાપોર ખાતે પ્રથમ નિકાસ કરવાની મંજૂરી આવી. આ નિકાસથી સ્થાનિક ખેડૂતોને પરંપરાગત બજાર કરતાં 50%થી વધુ ઊંચું વળતર મળી શકશે.

- વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી **અર્જુન મોઢવાડિયાએ** ગાંધીનગર ખાતે દેશસ્તરીય રોબોટિક્સ સ્પર્ધા **'રોબોફેસ્ટ ગુજરાત 6.0'નો** પ્રારંભ કરાવ્યો. આ વર્ષની સ્પર્ધાની થીમ **'AI Powered Robotics Innovation Challenge'** રાખવામાં આવી છે. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)** અને **રોબોટિક્સ** ક્ષેત્રે નવીનતા, સંશોધન અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ સ્પર્ધામાં ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓ જુનિયર કેટેગરીમાં, જ્યારે STEM સંસ્થાઓના વિદ્યાર્થીઓ સિનિયર કેટેગરીમાં ભાગ લઈ શકશે. વિજેતા ટીમો અને વિવિધ તબક્કે પ્રોટોટાઇપ વિકસાવનાર સહભાગીઓને પ્રોત્સાહિત કરવા માટે **₹5 કરોડનાં** કુલ ઇનામોની પણ જાહેરાત કરવામાં આવી છે.

- ભારતની પ્રથમ **અર્બન નાઈટ સફારી** માટે ઉત્તર પ્રદેશના લખનઉ સ્થિત **કુકેલ નાઈટ સફારી અને ડે ઝૂ પ્રોજેક્ટ**ને સુપ્રીમ કોર્ટે શરતી મંજૂરી આપી છે. આ સાથે ભારત **સિંગાપોર, થાઈલેન્ડ, ચીન અને ઇન્ડોનેશિયા** બાદ વિશ્વનો પાંચમો દેશ બનશે, જ્યાં આ પ્રકારની નાઈટ સફારીની સુવિધા ઉપલબ્ધ થશે. પ્રોજેક્ટમાં **38 વન્યજીવ આવાસો (Wildlife Enclosures)** વિકસાવવામાં આવશે, જેમાં એશિયાટિક સિંહ, બંગાળી વાઘ, દીપડો, ઘડિયાલ, હાયના અને ફ્લાઈંગ સ્ક્વિરલ જેવાં પ્રાણીઓને કુદરતી વાતાવરણમાં રાખવાની યોજના છે. પ્રદૂષણ ઘટાડવા અને પ્રાણીઓને ઓછામાં ઓછી અસર થાય તે માટે સફારીમાં **બેટરી સંચાલિત (ઇલેક્ટ્રિક) વાહનો**નો ઉપયોગ કરવામાં આવશે તેમજ ચાંદની જેવા નરમ અને ઓછી તીવ્રતાવાળા પ્રકાશ**ની** વ્યવસ્થા કરવામાં આવશે.

## 21 જુલાઈ

- DCGI (Drugs Controller General of India)એ **ભારતમાં મંજૂરી મેળવનારી પ્રથમ ડેંગ્યૂ રસી**ના ઉપયોગને મંજૂરી આપી છે. જાપાનની ફાર્માસ્યુટિકલ કંપની **ટાકેડા** દ્વારા વિકસિત આ રસીનું નામ **ક્યૂડેંગા (QDENGA)** છે. આ રસી **4થી 60 વર્ષ** સુધીના લોકોને આપી શકાશે અને અગાઉ ડેંગ્યૂ થયો હોય કે ન થયો હોય, બંને સ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકાશે. આ એક **લાઇવ એટેન્યુએટેડ ટેટ્રાવેલેન્ટ (Live Attenuated Tetravalent)** વેક્સિન છે, જે ડેંગ્યૂ વાયરસના ચારેય પ્રકારો (DENV-1, DENV-2, DENV-3 અને DENV-4) સામે રક્ષણ આપે છે. તેના **0.5 મિ.લિ.ના બે ડોઝ ચામડીની નીચે (Subcutaneous)** આપવામાં આવે છે અને બંને ડોઝ વચ્ચે **3 મહિનાનું અંતર** રાખવામાં આવે છે. આ રસી આપવા પહેલાં **ડેંગ્યૂની પૂર્વ તપાસ (Pre-vaccination screening)** કરવાની જરૂર પડતી નથી.

- તમિલનાડુના 25 વર્ષીય ચેસ ખેલાડી **વી. એસ. રથનવેલ** દેશના 99મા ગ્રાન્ડમાસ્ટર (GM) બન્યા.

- સરકારે **હરજીત સિંહ ગ્રેવાલને** રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. મુનાવરી બેગમને ઉપાધ્યક્ષ તરીકે અને ગ્લેન ઇ. સોઝાટિકલોને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કમિશન દેશના સૂચિત લઘુમતી સમુદાયોના અધિકારોનું નિરીક્ષણ કરે છે.

- **કોલકાતાના રાષ્ટ્રીય પુસ્તકાલય સંકુલમાં** દેશના પ્રથમ ભાષા સંગ્રહાલય, **'શબ્દલોક' (શબ્દ સંગ્રહાલય)નું** ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ડિજિટલ ડિસ્પ્લે બંધારણની 22 અનુસૂચિત ભાષાઓની સફર દર્શાવે છે.

- અષાઢી સુદ સાતમના દિવસે પુરાણ-સિદ્ધ **સૂર્યપુત્રી** અને જેને **'આદિગંગા'** પણ કહેવામાં આવે છે તે મા **તાપીના** જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. આ વર્ષે કુરુક્ષેત્ર ધામ ખાતે 1100 મીટરની ચુંદડી મા તાપીને અર્પણ કરવામાં આવી હતી.

- નેપાળ સરકારે 1 રૂપિયાના નવા સિક્કા પરથી ભારત સરહદને અડીને આવેલાં વિવાદિત ક્ષેત્રો કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરાવાળા રાજકીય નકશાને હટાવવાના નિર્ણયને મંજૂરી આપી છે. હવે આ નકશાની જગ્યાએ નેપાળના લો ગ્યાકર મઠની તસવીર છપાશે, જોકે 2 રૂપિયાના સિક્કા પર વિવાદિત નકશો યથાવત રહેશે.

## 22 જુલાઈ

- લેબર પાર્ટીના નેતા **એન્ડી બર્નહામ** બ્રિટનના 59મા વડાપ્રધાન બન્યા છે. તેમણે લંડનના બકિંગહામ પેલેસમાં કિંગ ચાર્લ્સ IIIને મળ્યા બાદ પદ સંભાળ્યું. તેમણે કીર સ્ટારમરનું સ્થાન લીધું છે.

- **NHAIએ 'માર્ગ મિત્ર' AI સહાય કેન્દ્ર** શરૂ કર્યું. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરનારાઓ માટે સિંગલ-વિન્ડો પ્લેટફોર્મ હશે. મુસાફરો 22 ભારતીય ભાષાઓમાં બોલી કે લખીને તેમની સમસ્યાઓ નોંધાવી શકશે. NHAIએ ટોલ પ્લાઝાના 20 કિમીના ત્રિજ્યામાં રહેતા લોકો માટે **'રાજમાર્ગ યાત્રા'** એપ પર ડિજિટલ લોકલ પાસ સુવિધા પણ શરૂ કરી છે.

- નેશનલ સ્ટોક એક્સચેન્જે ઈલેક્ટ્રોનિક ગોલ્ડ રિસિપ્ટ્સ (EGRs) સેગમેન્ટ શરૂ કર્યું. આનાથી સોનાના વેપારને વધુ પારદર્શક અને વ્યવસ્થિત બનાવવામાં આવશે. EGRsએ ભૌતિક સોના દ્વારા સમર્થિત ડિમટીરિયલાઇઝ્ડ સિક્યોરિટીઝ છે. આ સોનું SEBI-મંજૂર તિજોરીઓમાં સંગ્રહિત કરવામાં આવશે. રોકાણકારો એક્સચેન્જ પર આ EGRs ખરીદી અને વેચાણ કરી શકશે અને તેમને ભૌતિક સોનામાં રૂપાંતરિત કરી શકશે.

- ભારતીય મૂળના **ઉદય રુદ્રારાજુ** OpenAIમાં 'CTO ઓફ કમ્પ્યુટ' (Chief Technology Officer of Compute) તરીકે નિયુક્ત થયા.

- હોલિવૂડના મહાન ફિલ્મ નિર્માતા **ક્રિસ્ટોફર નોલાને** ન્યૂયોર્કમાં પોતાની ફિલ્મ 'ધ ઓડિસી'ના પ્રીમિયરમાં **અજરખ સિલ્કની ટાઈ** પહેરીને કચ્છી કળાને વૈશ્વિક મંચ પર માન અપાવ્યું. આ ટાઈ ભારતીય ડિઝાઈનર **આહાન ટંડન** દ્વારા તૈયાર કરવામાં આવી હતી. અજરખ એ ભારતના **કચ્છની** એક લિવિંગ ટ્રેડિશન છે જે પેઢીઓથી લોકોના પહેરવેશનો હિસ્સો રહ્યું છે. **કચ્છનો ખત્રી પરિવાર** વર્તમાનમાં આ કલા સાથે મુખ્યત્વે જોડાયેલો છે. અજરખના મૂળ પાકિસ્તાનમાં આવેલા સિંધ પ્રાંત સાથે જોડાયેલા માનવામાં આવે છે.

- હોલિવૂડના જાણીતા ફિલ્મ નિર્માતા **ક્રિસ્ટોફર નોલાને** ન્યૂયોર્કમાં પોતાની ફિલ્મ 'ધ ઓડિસી'ના પ્રીમિયરમાં **અજરખ સિલ્કની** કસ્ટમ ટાઈ પહેરીને ભારતીય હસ્તકલા તરફ વૈશ્વિક ધ્યાન દોર્યું. આ ટાઈ ન્યૂયોર્ક સ્થિત ભારતીય ડિઝાઇનર **આહાન ટંડન** દ્વારા તૈયાર કરવામાં આવી હતી. અજરખ એ **કચ્છ અને સિંધ પ્રદેશ** સાથે જોડાયેલી સદીઓ જૂની હેન્ડ બ્લોક પ્રિન્ટિંગ અને રેઝિસ્ટ-ડાઈંગ કળા છે. કચ્છમાં **ખત્રી સમુદાય** આ પરંપરાગત કળાને પેઢીઓથી જાળવી રાખે છે. અજરખનો ઐતિહાસિક ઉદ્ભવ સિંધ પ્રદેશ સાથે જોડાયેલો માનવામાં આવે છે, જ્યારે આજે કચ્છ તેની સૌથી મહત્વપૂર્ણ પરંપરાગત કારીગરીનું કેન્દ્ર છે.

- **અમેરિકાની એફબીઆઇએ** ભારતીય નાગરિક **હરમનવીર સિંહને** તેની મોસ્ટ વોન્ટેડ યાદીમાં ઉમેર્યો છે. એજન્સીનો આરોપ છે કે, હરમનવીર સિંહ એક આંતરરાષ્ટ્રીય ડ્રગ ટ્રાફિકિંગ ગેંગમાં સામેલ છે, જે અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં મોટી માત્રામાં માદક દ્રવ્યોનો સપ્લાય કરતો હતો.

- બિહારના મુઝફ્ફરપુરમાં જન્મેલા ભારતીય મૂળના લેબર સાંસદ **કનિષ્ક નારાયણને** બ્રિટનના પ્રથમ AI મંત્રી બનાવાયા છે. નવા વડાપ્રધાન એન્ડી બર્નહામે AI મંત્રાલયને પહેલીવાર કેબિનેટ સ્તરનો દરજ્જો આપ્યો છે. તેઓ 2024માં વેલ્સથી સાંસદ તરીકે ચૂંટાયા હતા.

- 22 જુલાઈ રાષ્ટ્રીય ધ્વજ માન્યતા દિવસ. વર્ષ **1947માં** આજના દિવસે ભારતના રાષ્ટ્રીય ધ્વજને માન્યતા આપવામાં આવી હતી. 1906થી 1947 સુધીમાં કુલ 6 વખત ભારતના રાષ્ટ્રધ્વજમાં બદલાવ કરવામાં આવ્યો હતો. વર્ષ **1931માં કરાંચી** ખાતે પસાર થયેલા ઠરાવ અંતર્ગત **પિંગલી વેંકૈયા** દ્વારા રાષ્ટ્રધ્વજની ડિઝાઇન તૈયાર કરવામાં આવી હતી.

- 22 જુલાઈ પાઈ એપ્રોક્સીમેશન દિવસ. ગણિતમાં પાઈના મૂલ્યને દર્શાવવા માટે **22/7**નો ઉપયોગ થાય છે. જેના આધારે 22/ 7ના પાઈ અંદાજ દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

- સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ (CBN)એ **'ઓપેરશન વજ'** હેઠળ દિલ્હીના એક ગોડાઉનમાંથી આશેર 30 મેટ્રિક ટન વજન ધરાવતી 12 કરોડ **ટ્રામાડોલ હાઈડ્રોક્લોરાઈડ (Tramadol Hydrochloride) ટેબ્લેટ્સનો** વિશાળ જથ્થો જપ્ત કર્યો. આ દવાને ફાઇટર ડ્રગ તરીકે ઓળખવામાં આવે છે. આ દવાને ગિની બિસાઉ દેશમાં નિકાસ કરવાનો કારસો રચવામાં આવ્યો હતો.

- વર્ષ 2026ના પ્રતિષ્ઠિત લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર માટે **NSA અજિત ડોભાલની** પસંદગી કરવામાં આવી. આ પુરસ્કાર ભારતમાં આતંકવાદ વિરોધી કામગીરી અને સરહદી સુરક્ષામાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને અપાય છે.

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

## 23 જુલાઈ

- **મધ્યપ્રદેશ** વિધાનસભાએ સમાન નાગરિક સંહિતા (UCC) બિલને ધ્વનિમતથી પસાર કર્યું. નવો કાયદો બહુપત્નીત્વ અને નિકાહ હલાલાને ગુનાહિત બનાવે છે. રાજ્યમાં લિવ-ઇન સંબંધોની નોંધણી ફરજિયાત રહેશે. જોકે, અનુસૂચિત જનજાતિ (ST)ને તેમની સાંસ્કૃતિક ઓળખ જાળવવા માટે આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

- કેન્દ્ર સરકાર અનુસાર, દેશના કુલ કૃષિ કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી 59.8% સુધી પહોંચી ગઈ છે. કૃષિ મંત્રાલયના 2025 ના ડેટા અનુસાર, ગ્રામીણ ભારતમાં ખેતી અને સંબંધિત પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભૂમિકા વધી રહી છે.

- **ફ્રાન્સ** યુરોપિયન યુનિયનમાં 15 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો. હવે, આ વય જૂથના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે નહીં. શાળાઓમાં ફોનના ઉપયોગ પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ છે. ફ્રાન્સમાં, 90% કિશોરો દરરોજ સ્માર્ટફોનનો ઉપયોગ કરે છે.

- ભારતીય ઓલિમ્પિક એસોસિએશને 2026 કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહ માટે વેઇટલિફ્ટર **મીરાબાઈ ચાનુને** ભારતના ધ્વજવાહક તરીકે પસંદ કર્યા છે. **બોક્સર લોવલીના બોર્ગોહેન** મશાલવાહક હશે. કોમનવેલ્થ ગેમ્સ 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન સ્કોટલેન્ડના **ગ્લાસગોમાં** યોજાશે.

- અમેરિકન ફિલ્મ નિર્માતા **જેમ્સ ગ્રેને** સ્વિટ્ઝર્લૅન્ડમાં 79મા લોકર્નો ફિલ્મ ફેસ્ટિવલમાં "પાર્ડો અલા કરિયર એવોર્ડ" એનાયત કરવામાં આવશે. આ એવોર્ડ 9 ઓગસ્ટના રોજ રજૂ કરવામાં આવશે, જે દિવસે તેમની નવી ફિલ્મ "પેપર ટાઇગર"નું પ્રીમિયર થશે. શાહરૂખ ખાન અને જેકી ચાનને અગાઉ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

- ભારતના રાષ્ટ્રપતિએ માલદોવાના પ્રમુખ માઇઆ સેન્ડુના આમંત્રણથી માલદોવાની મુલાકાત લીધી. બંને વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોમાં ટ્રેડ, ટેકનોલોજી અને ટેલેન્ટ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારતે માલદોવાની વેટરનરી ડિગ્રીઓને માન્યતા આપવાની જાહેરાત કરી છે.

- 23 જુલાઈ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ. વર્ષ 1927માં આજના દિવસે દેશમાં પ્રથમ રેડિયો પ્રસારણ **બોમ્બે** ખાતેથી ખાનગી કંપની **ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની લિમિટેડ** દ્વારા પ્રસારિત કરવામાં આવ્યું હતું. વર્ષ 1936માં 8 જૂનના રોજ ભારતીય પ્રસારણ સેવાનું નામ બદલીને **ઑલ ઇન્ડિયા રેડિયો** કરવામાં આવ્યું હતું અને વર્ષ 1957માં તેને ફરીથી બદલીને **આકાશવાણી** તરીકે જાહેર કરવામાં આવ્યું. ઓલ ઇન્ડિયા રેડિયોનું સૂત્ર **'બહુજન હિતાય, બહુજન સુખાય'** છે.

- ભારતે વિલ્નિયસ, લિથુઆનિયામાં યોજાયેલ 37મા આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલિમ્પિયાડ (IBO) 2026માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં 1 ગોલ્ડ અને 3 સિલ્વર મેડલ જીત્યા. ભારતીય વિજેતાઓમાં ભાવ્યા ગુનવાલ (ગોલ્ડ), સૌમિલ મૈતી (સિલ્વર), નિશિત કલાની (સિલ્વર) અને અનમોલ કુમાર (સિલ્વર)નો સમાવેશ થાય છે.

- **ભારતે** WTOના 'Agreement on Fisheries Subsidies (AFS)' માટેનો સ્વીકૃતિ પત્ર (Instrument of Acceptance) જમા કરાવીને આ કરારનો ઔપચારિક પક્ષકાર (Party) બન્યો છે. આ સાથે ભારત **123મો** WTO સભ્ય બન્યો છે જેણે આ કરાર **સ્વીકાર્યો** છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જિનીવામાં WTOના મહાનિર્દેશક ન્ગોઝી ઓકોન્જો-ઇવેલાને આ સ્વીકૃતિ પત્ર સુપરત કર્યો. આ કરાર પર્યાવરણીય ટકાઉપણાને

કેન્દ્રમાં રાખતો WTOનો પ્રથમ બહુપક્ષીય કરાર છે. તે ગેરકાયદેસર, અહેવાલ ન અપાયેલ અને અનિયંત્રિત (IUU) માછીમારી, અતિશય શોષિત (overfished) માછલીના જથ્થા તથા કેટલીક અન્ય હાનિકારક માછીમારી સબસિડી પર પ્રતિબંધ મૂકે છે. એક્વાકલ્ચર (Aquaculture) અને અંતરિયાળ (Inland) મત્સ્યપાલન આ કરારના દાયરાની બહાર છે, તેથી ભારતના એક્વાકલ્ચર આધારિત ઝીંગા નિકાસ ક્ષેત્ર પર સીધી અસર નહીં પડે.

- ભારતે શહેરી હવાઈ પરિવહન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં પોતાનો પ્રથમ પૂર્ણ-કદનો (full-scale) **eVTOL (Electric Vertical Take-Off and Landing) એર ટેક્સી પ્રોટોટાઇપ** રજૂ કર્યો છે. આ પ્રોટોટાઇપ **IIT મદ્રાસ** દ્વારા ઇન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ **The ePlane Company** દ્વારા વિકસાવવામાં આવ્યો છે. e200X (PT-01) નામનો આ પ્રોટોટાઇપ ટૂંકા અંતરના શહેરી પ્રવાસને ઝડપી, પ્રદૂષણમુક્ત અને કાર્યક્ષમ બનાવવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે. કંપનીનો હેતુ 2027માં પ્રમાણિત (certified) ફ્લાઇટ ટેસ્ટિંગ શરૂ કરીને 2028માં વ્યાવસાયિક સેવા શરૂ કરવાનો છે. આ eVTOL વિમાનને રનવેની જરૂર પડતી નથી અને તે હેલિપેડ અથવા મર્યાદિત ખુલ્લી જગ્યામાંથી સીધું ઊભું ઉડાન ભરી શકે છે તથા ઉતરી શકે છે.

## 24 જુલાઈ

- આયકર દિવસ 24 જુલાઈ. વર્ષ 1860માં આ દિવસે **સર જેમ્સ વિલ્સન** દ્વારા ભારતમાં પ્રથમ વાર આવકવેરાનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. વર્ષ 1924માં ભારતમાં કરવેરા સંબંધિત વૈધાનિક સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ રેવન્યુની સ્થાપના કરવામાં આવી હતી. આઝાદી બાદ વર્ષ 1963માં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીસ તરીકે પ્રત્યક્ષ કારણે વર્ગીકૃત કરતી સંસ્થાની સ્થાપના કરવામાં આવી. જેના વર્તમાન અધ્યક્ષ **રવિ અગ્રવાલ** છે.

- **ગુજરાત** રાજ્ય સરકારે રાજ્યના તમામ 34 જિલ્લા હોસ્પિટલમાં વ્યસન મુક્તિ કેન્દ્રો સ્થાપવા માટે ₹14.90 કરોડ મંજુર કર્યા. આ સ્થાપના રાજ્ય સરકારના **નશા મુક્ત ગુજરાત અભિયાનનો** એક ભાગ છે. દરેક કેન્દ્ર ખાતે 15 બેડની સુવિધા હશે અને તમામ દર્દીઓને કાઉન્સેલિંગ અને માનસિક સ્વાસ્થ્યની સેવાઓ આપવામાં આવશે.

- શાળા છોડીને ગયેલાં બાળકોને ફરીથી શિક્ષણમાં લાવવા અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે **ગુજરાત સરકારે અમદાવાદ** ખાતેથી **'સમરસ વિદ્યાસેતુ'** અભિયાનની શરૂઆત કરી. રાજ્યના 80 હજારથી વધુ ડ્રોપ આઉટ બાળકોને તેમની ઉંમર મુજબ ધોરણ 1 થી 12માં પુનઃ પ્રવેશ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વર્ષ **2030** સુધીમાં ડ્રોપ આઉટ રેશિયો શૂન્ય કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલો છે.

- સ્કોટલેન્ડના ગ્લાસગોમાં **OVO હાઈડ્રો એરેના** ખાતે **23મી** કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ કરવામાં આવ્યો. 10 દિવસીય આ ગેમ્સના આયોજનમાં **74 દેશોની** ટીમો ભાગ લેશે. આ રમત માટે સતાવાર મોસ્કોટ તરીકે **'ફીની'** ની જાહેરાત કરવામાં આવી છે જે **સ્કોટલેન્ડના** રાષ્ટ્રીય પ્રાણી **યુનિકોર્ન** પર આધારિત છે.

- **વાવ થરાદ** જિલ્લામાં થરાદ ખાતે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની શરૂઆત સાથે જિલ્લાને નવો આરટીઓ કોડ **GJ 40** આપવામાં આવ્યો.

- કેન્દ્ર સરકારે **અનુરાગ જૈનને** NITI આયોગના મુખ્ય કારોબારી અધિકારી (CEO) તરીકે નિયુક્ત કર્યા.

- મહારાષ્ટ્ર સરકારે મુંબઈ નજીક આવેલા થાણે **ક્રીક ફ્લેમિંગો સૅન્ક્ચુરી (TCFS)** ખાતે દેશનું પ્રથમ AI-Powered Bird Sanctuary વિકસાવવાની જાહેરાત કરી છે. આ માટે ઇકો-નેચર પાર્ક વિકસાવવામાં આવશે, જે આધુનિક ટેક્નોલોજી અને પક્ષી સંરક્ષણનું અનોખું સંયોજન બનશે. આ અભયારણ્યમાં AI દ્વારા વિવિધ પક્ષી પ્રજાતિઓની ઓળખ કરાશે અને સ્થળાંતર કરનારા પક્ષીઓની રિયલ-ટાઇમ દેખરેખ રાખી શકાશે. સ્માર્ટ મોનિટરિંગથી વેટલેન્ડ ઇકોસિસ્ટમનું વધુ અસરકારક સંચાલન શક્ય બનશે.

- કર્ણાટકના કરવાર ખાતે ભારતીય નૌસેનામાં બીજા સ્વદેશી માહે ક્લાસ એન્ટી-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ INS **માલવણને** સામેલ કરવામાં આવ્યું, જેનું નિર્માણ **કોચીન શિપયાર્ડ લિ.** દ્વારા કરવામાં આવ્યું છે. INS માલવણમાં 80%થી વધુ સ્વદેશી સામગ્રીનો ઉપયોગ થયો છે. તે ઓછી ઊંડાઈવાળા દરિયાઈ વિસ્તારોમાં દુશ્મન સબમરીનને શોધવા, ટ્રેક કરવા અને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. જહાજનું ક્રેસ્ટ **'બાઘ નખા'** પરથી પ્રેરિત છે, જે બહાદુરી અને યુદ્ધ કૌશલ્યનું પ્રતીક છે, જ્યારે તેનું સૂત્ર **'Silent Claws'** રાખવામાં આવ્યું છે. INS Malvanનું નામ ભારતીય નૌસેનાના જૂના ઇનશોર માઇનસ્વીપર પરથી રાખવામાં આવ્યું છે.

- કેન્દ્ર સરકારે **મેઘાલયની** પ્રખ્યાત **લાકાડોંગ હળદરને** પ્રોત્સાહન આપવા માટે **લાકાડોંગ હળદર મિશન** (ગોલ્ડન સ્પાઇસ) શરૂ કર્યું છે. આ મિશનનો ઉદ્દેશ્ય લાકાડોંગ હળદરનું ઉત્પાદન વધારવા, તેની ગુણવત્તા સુધારવા અને તેને વધુ સારી રીતે બ્રાન્ડ કરવાનો છે. આનાથી ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થશે.

- ભારતના બ્રોડગેજ રેલ્વે નેટવર્કનું વિદ્યુતીકરણ **99.6%** સુધી પહોંચી ગયું છે. રેલ્વે વિદ્યુતીકરણમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. 100% વિદ્યુતીકરણ સાથે **સ્વિટ્ઝર્લૅન્ડ** પ્રથમ ક્રમે છે, જ્યારે **ચીન 82%** સાથે **ત્રીજા** ક્રમે છે. ટ્રેન સંચાલન માટે ડીઝલનો વપરાશ 2015-16માં 293 કરોડ લિટરથી વધીને 2024-25માં 108 કરોડ લીટર થયો હતો.

## 25 જુલાઈ

- દિલ્હીમાં ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી વિરોધ દરમિયાન અનેક વિસ્તારોમાં મોબાઇલ ઇન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી. તેમ છતાં પ્રદર્શનકારીઓ એકબીજા સાથે સતત સંપર્કમાં છે. તેનું કારણ **બ્લૂટૂથ** આધારિત મેસેજિંગ એપ્સ હોવાનું સામે આવ્યું છે. આ એપ્સને **બ્લૂ મેશ એપ્સ** કહેવામાં આવે છે. **ટ્વિટરના ફાઉન્ડર જેક ડોર્સીએ** તેને લગતી નોટિસ સોશિયલ મીડિયા પર શેર કરી હોવાથી તેની માહિતી સામે આવી છે. રિપોર્ટ મુજબ, સરકારે જંતર મંતર નજીકના વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરતાં પ્રદર્શનકારીઓએ **Bitchat, Bridgefy અને Brlar** જેવી એપ્સનો ઉપયોગ શરૂ કર્યો હતો. આ એપ્સ દ્વારા મેસેજ મોકલવા માટે ઈન્ટરનેટની જરૂર નથી પડતી. એક મોબાઇલમાંથી મોકલવામાં આવેલો મેસેજ નજીકના બીજા મોબાઈલ સુધી પહોંચે છે અને ત્યાંથી આગળ અન્ય મોબાઈલ સુધી મોકલાય છે.

- ગુજરાતની જુનિયર આંતરરાષ્ટ્રીય મેડલીસ્ટ એથ્લીટ **કાજલ વાજાની** પસંદગી **અમેરિકાના ઓરેગોનમાં** યોજાનારી વર્લ્ડ જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટેની ભારતીય ટીમમાં કરવામાં આવી છે. તારીખ

પાંચથી નવ ઓગસ્ટ દરમિયાન યોજાનારી ચેમ્પિયનશિપ માટેની ભારતની **4×100 મીટરની રિલે** ટીમમાં કાજલની પસંદગી કરવામાં આવી છે. કાજલ જૂનાગઢના **ચોરવાડની વતની** છે.

- **સ્કોટલેન્ડના ગ્લાસગો** ખાતે આયોજિત થયેલ કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ વખત વિજેતાઓને **'બ્રેલ લિપિ'** અને ખાસ **ટેક્ટાઇલ ડિઝાઈનવાળા મેડલ ('ત્રિકોણ' આકાર)** આપવામાં આવશે. જેથી દ્રષ્ટિબાધિત ખેલાડીઓ પોતાના મેડલને સ્પર્શ કરીને પણ તેની ઓળખ અને અનુભવ કરી શકશે.

- DRDOએ ઓડિશાના **APJ અબ્દુલ કલામ ટાપુ** પરથી લાંબા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલી **'કુશા'નું** સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ સિસ્ટમ **પ્રોજેક્ટ કુશા** હેઠળ વિકસાવવામાં આવી હતી. તેને રશિયાની **S-400 મિસાઇલ** સંરક્ષણ પ્રણાલીની **સમકક્ષ** માનવામાં આવે છે. તે 150થી 400 કિમીની રેન્જમાં ફાઇટર એરક્રાફ્ટ, ડ્રોન અને મિસાઇલોનો નાશ કરી શકે છે.

## 26 જુલાઈ

- જંતર મંતર ખાતે ચાલી રહેલા આંદોલન અંતર્ગત ભારતના કેન્દ્રીય શિક્ષણ મંત્રી **ધર્મેન્દ્ર પ્રધાને** તેમના શિક્ષણ મંત્રીના પદ પરથી રાજીનામું આપ્યું.

- અમેરિકા-ઈરાન વચ્ચે વધતા સંઘર્ષના લીધે હવે **બાબ-અલ-મંદેબ** પર પણ સંકટ સર્જાયું છે. ઈરાન સમર્થિત યમનના હુથી લડવૈયાઓની ધમકીઓથી આ માર્ગ જોખમમાં મુકાયો છે, જેના કારણે વૈશ્વિક વેપાર, ક્રૂડ સપ્લાય અને અર્થતંત્ર પર ગંભીર અસર પડી શકે છે. **બાબ-અલ-મંદેબ રાતા સમુદ્ર અને અદનની ખાડીને જોડતી મહત્ત્વની સામુદ્રધુની છે.** વિશ્વના અંદાજે 12% સમુદ્રી વેપાર આ માર્ગ પરથી પસાર થાય છે. **બાબ-અલ-મંદેબનો** અરબી અર્થ **'વિલાપનું અથવા આંસુઓનું દ્વાર'** થાય છે. પ્રાચીન સમયમાં આ વિસ્તાર જોખમી નૌકામાર્ગ તરીકે ઓળખાતો હતો.

- ખાનગી કંપનીઓને અવકાશ ક્ષેત્રમાં મંજૂરી મળ્યા પછી ભારતમાં અવકાશ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. છેલ્લાં 10 વર્ષમાં તેમની સંખ્યા 400ને વટાવી ગઈ છે. આ ક્ષેત્રમાં $600 મિલિયનથી વધુ ખાનગી રોકાણ **આભિ એરોસ્પેસ** દેશનું પ્રથમ અવકાશ યુનિકોર્ન બન્યું છે. ખાનગી કંપનીઓએ અત્યાર સુધીમાં 30થી વધુ ઉપગ્રહો લોન્ચ કર્યા છે.

- ઉત્તર પ્રદેશના **સારનાથને** યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સ્થાન મળતાં તે ભારતનું **45મું** વર્લ્ડ હેરિટેજ સ્થળ બન્યું છે. ભગવાન બુદ્ધે જ્ઞાનપ્રાપ્તિ બાદ અહીં ધર્મચક્ર પ્રવર્તન (પ્રથમ ઉપદેશ) આપ્યો હતો. પ્રથમ ઉપદેશમાં ચાર આર્ય સત્ય (Four Noble Truths) સમજાવાયા હતા. સારનાથમાં ધમેખ સ્તૂપ, અશોકકાલીન અવશેષો અને પ્રાચીન બૌદ્ધ મઠો આવેલા છે. યુનેસ્કોની માન્યતા આ ઐતિહાસિક સ્થળના સંરક્ષણ, સાંસ્કૃતિક વારસા અને પર્યટનને વધુ પ્રોત્સાહન આપશે. ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન - સારનાથના અશોક સ્તંભના સિંહમુખ પરથી અપનાવવામાં આવ્યું છે.

- ભારતની 18 વર્ષીય સ્ક્વોશ ખેલાડી **અનાહત સિંહે** વર્લ્ડ જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપ 2026માં ગર્લ્સ સિંગલ્સનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો. તે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય બની છે.

- 26 જુલાઈના રોજ કારગિલ વિજય દિવસ મનાવવામાં આવે છે. **1999માં** પાકિસ્તાન સાથે 18 હજાર ફૂટની ઊંચાઈએ થયેલા આ યુદ્ધમાં 500થી વધુ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. આ વિજયને **ઓપરેશન વિજય** નામ આપવામાં આવ્યું હતું. વર્ષ 2026માં આ દિવસની **27મી** વર્ષગાંઠ ઉજવવામાં આવી છે.

- યુપીમાં આવેલું બૌદ્ધ સ્થળ **સારનાથ** યુનેસ્કોની વૈશ્વિક ધરોહર યાદીમાં સામેલ કરાયું. આ નિર્ણય બુસાનમાં યોજાયેલી યુનેસ્કો વૈશ્વિક ધરોહર સમિતિના 48મા સત્રમાં લેવામાં આવ્યો હતો. આ સ્થળેથી જ ભગવાન બૌદ્ધ દ્વારા તેમનો પ્રથમ ઉપદેશ (ધર્મ ચક્ર પ્રવર્તન) આપવામાં આવ્યો હતો. આ સાથે ભારતમાં **45** વર્લ્ડ હેરિટેજ સાઇટ થઈ છે.

- પાંચ વખતના ચેસ વર્લ્ડ ચેમ્પિયન **વિશ્વનાથન આનંદને** આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશન (FIDE) ના વચગાળાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

## 27 જુલાઈ

- ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ કેન્દ્રીય મંત્રી **પ્રહલાદ જોશીએ** કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો. તેઓ હાલના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ તેમજ નવી અને નવિનીકરણીય ઊર્જા મંત્રાલયની જવાબદારી સાથે શિક્ષણ મંત્રાલયનો વધારાનો કાર્યભાર પણ સંભાળશે. પ્રહલાદ જોશી 2004થી સતત ધારવાડ (કર્ણાટક) લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

- બાંગ્લાદેશના **22મા** રાષ્ટ્રપતિ, **મોહમ્મદ શહાબુદ્દીને** તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામા બાદ, સંસદના અધ્યક્ષ હાફિઝ ઉદ્દીન અહેમદ કાર્યકારી રાષ્ટ્રપતિની ફરજો સંભાળશે. બાંગ્લાદેશ બંધારણ મુજબ, 90 દિવસની અંદર નવા રાષ્ટ્રપતિની પસંદગી કરવામાં આવશે.

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉત્તર મેસેડોનિયાનાં રાષ્ટ્રપતિ ગોર્ડાના સિલજાનોવ્સ્કા-દાવ્કોવાએ ઉત્તર મેસેડોનિયાની રાજધાની **સ્કોપજે** ખાતે આવેલા મ્યુઝિયમ ઑફ ધ સિટી ઑફ સ્કોપજેમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું સંયુક્ત રીતે અનાવરણ કર્યું. આ પ્રસંગ બંને દેશો વચ્ચેની મિત્રતા તેમજ શાંતિ, સહિષ્ણુતા અને માનવતા પ્રત્યેની સંયુક્ત પ્રતિબદ્ધતાનું પ્રતીક માનવામાં આવ્યો છે. સ્કોપજે મધર ટેરેસાનું જન્મસ્થળ પણ છે.

- ગુજરાતની ફેબલેસ સેમિકન્ડક્ટર સ્ટાર્ટઅપ Indiesemic પ્રાઇવેટ લિમિટેડ અમેરિકાની અગ્રણી સેમિકન્ડક્ટર કંપની **Semtech Corporation** સાથે મળીને લોંગ રેન્જ ટેક્નોલોજી આધારિત Sabarmati-1 પ્રોસેસર વિકસાવશે. નવી દિલ્હીમાં ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ખાતે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશનના સીઈઓ અમિતેશસિન્હા સહિતના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ ભાગીદારીની જાહેરાત કરવામાં આવી. વાયરલેસ ટેક્નોલોજી સાથે સંકલિત RISC-V આર્કિટેક્ચર આધારિત 64-બીટ સિસ્ટમ-ઇન-પેકેજ (SIP) વાયરલેસ પ્લેટફોર્મ તૈયાર કરાશે. આ પ્રોસેસર અલ્ટ્રા-લો-પાવર કનેક્ટિવિટી પૂરી પાડશે.

- કેન્દ્રીય મંત્રીમંડળે 'ગ્રાન્ડ કેમિકલ્સ પ્લાન'ને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ, દેશમાં 3,030 કરોડના ખર્ચે ત્રણ મોટા કેમિકલ પાર્ક બનાવવામાં આવશે. આ પાર્ક ઓછામાં ઓછા 2,000 એકરમાં ફેલાયેલા હશે અને

₹20,000 થી ₹50,000 કરોડ સુધીના રોકાણને આકર્ષિત કરવાની અપેક્ષા છે. આ યોજના આગામી પાંચ વર્ષ (2030-31 સુધી) માટે અમલમાં રહેશે.

- ઇન્ડિયન નેવિનું સેલ ટ્રેનિંગ જહાજ **INS સુદર્શિની** અમેરિકાના બોસ્ટનથી પોર્ટુગલના પોન્ટા ડેલગાડા (અઝોરેસ) માટે રવાના થયું. તે ઇન્ડિયન નેવિના 'લોકાયન-26' ટ્રાન્સઓશનિક અભિયાનનો ભાગ છે. આ જહાજે અમેરિકામાં યોજાયેલા SAIL 250 અને Sail Boston 2026 કાર્યક્રમોમાં ભાગ લીધો. તે સમગ્ર અભિયાન દરમિયાન ભારતના Maritime Ambassador of Goodwill તરીકે વિશ્વ સમક્ષ ભારતની દરિયાઈ શક્તિ, સંસ્કૃતિ અને મિત્રતાનો સંદેશ આપી રહ્યું છે.

- ભારતની 31 વર્ષીય સ્ટાર વેઇટલિફ્ટર **સાયખોમ મીરાબાઈ ચાનૂએ** ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં મહિલા 48 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો. 2018 અને 2022માં ગોલ્ડ જીત્યા બાદ આ તેમની સતત ત્રીજી કોમનવેલ્થ ગેમ્સ (ગોલ્ડ મેડલ) જીત છે. મીરાબાઈએ શાનદાર પ્રદર્શન સાથે ગેમ્સનો નવો રેકોર્ડ પણ બનાવ્યો અને ભારતને 2026 કોમનવેલ્થ ગેમ્સનો પ્રથમ ગોલ્ડ અપાવ્યો. આ ગેમ્સમાં ઋષિકાંત સિંહે પુરુષોની 60 કિગ્રા વર્ગમાં રજત ચંદ્રક જીત્યો.

- સરકાર દ્વારા પરીક્ષા સુધારાણા માટે હાઈ પાવર્ડ ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરવામાં આવી. આ માટે ઇન્ફોસીસના ચેરમેન **ચંદન નિલેકણીને** તેના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમની સાથે ઈસરોના પૂર્વ ચેરમેન એસ. સોમનાથન, IB ના પૂર્વ ડાયરેક્ટર તપન ડેકા, IIT ચેન્નાઇના ડાયરેક્ટર વી. કામકોટી, ગુજરાત કેડરના IAS અને પૂર્વ શિક્ષણ સચિવ અનિતા કરવાલ અને લોજીસ્ટિક એક્સપર્ટ અમૃતલાલ મિણા સામેલ રહેશે.

- ભારત રાજસ્થાનના જોધપુર ખાતે આયોજિત થનાર ઇન્ટરનેશનલ ટાઈપ 1 ડાયાબિટીસ સમિટ 2026માં મેજબાની કરશે.

## 28 જુલાઈ

- 28 જુલાઈ વિશ્વ હિપેટાઈટીસ દિવસ. હિપેટાઇટીસ **લીવર** સાથે જોડાયેલો રોગ છે. વર્ષ 2026ની થીમ **Hepatitis: Let's Break It Down.**

- ભારતમાં માન્યતા પ્રાપ્ત ઊંટની નવ જાતિઓમાંથી એક **માલવી** ઊંટ હવે ગંભીર રીતે લુપ્ત થવાના આરે છે. હાલમાં સમગ્ર દેશમાં આ જાતિના માત્ર 102 ઊંટો જ બાકી રહ્યા છે. તેથી નેશનલ રિસર્ચ સેન્ટર ઑન કેમલ દ્વારા વિશેષ સંરક્ષણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે વૈજ્ઞાનિકો શુદ્ધ પ્રજનન, જીનેટિક સંરક્ષણ, આરોગ્ય તપાસ, પશુપાલકોને પ્રોત્સાહન અને જાગૃતિ કાર્યક્રમો હાથ ધરી રહ્યા છે. માલવી ઊંટ મુખ્યત્વે મધ્ય પ્રદેશના માલવા વિસ્તાર અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે. આ પહેલનો મુખ્ય હેતુ માલવી ઊંટની સંખ્યામાં વધારો કરીને તેની દુર્લભ જાતિને લુપ્ત થવાથી બચાવવાનો છે.

- કેન્દ્ર સરકારે મધ્ય પ્રદેશ કેડરના IAS અધિકારી **અનુરાગ જૈનને** નીતિ આયોગના નવા મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે નિયુક્ત કર્યા છે. અનુરાગ જૈન હાલમાં મધ્ય પ્રદેશના મુખ્ય સચિવ (Chief Secretary) તરીકે કાર્યરત હતા. નીતિ આયોગ ભારત સરકારનું સર્વોચ્ચ જાહેર નીતિ (Public Policy) થિંક ટેન્ક છે.

- NASAએ NASA Innovative Advanced Concepts (NIAC) 2026 Phase-I અંતર્ગત PRAXIS (Planetary Rings Autonomous Exploration with In-situ Sampling) નામના મિશનની પસંદગી કરી છે. તેનો હેતુ પ્રથમ વખત **શનિના** વલયોમાંથી કણોના નમૂના સીધા એકત્રિત કરીને તેમનો અભ્યાસ કરવાનો છે. PRAXIS એક AI આધારિત જૈવિક પ્રેરિત રોબોટિક એક્સપ્લોરરનો ઉપયોગ કરશે. રોબોટ શનિના વલયોમાંથી મિલીમીટરથી સેન્ટીમીટર કદના બરફીયા કણો સુરક્ષિત રીતે એકત્રિત કરશે. મિશન દરમિયાન કણોના કદ, રચના અને છિદ્રાળુપણું (Porosity)નું સ્થળ પર જ વિશ્લેષણ કરવામાં આવશે.

- કોમનવેલ્થ ગેમ્સની મહિલા F57 શોટ પુટ સ્પર્ધામાં ભારતની શર્મિલા ધાંકરે 9.81 મીટરનો બેસ્ટ થ્રો કરીને સુવર્ણ ચંદ્રક જીત્યો, જ્યારે શિલ્પા શૈલાએ 7.26 મીટરના થ્રો સાથે કાંસ્ય ચંદ્રક મેળવ્યો. પેરા એથ્લેટિક્સ વિભાગમાં કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં ભારતનો આ પ્રથમ સુવર્ણ ચંદ્રક છે. ઉપરાંત પ્રથમ વખત ભારતે પેરા એથ્લેટિક્સની એક જ સ્પર્ધામાં બે ચંદ્રકો જીતવાનું ગૌરવ મેળવ્યું છે.

- ગુજરાત સરકારે સાયબર નાણાકીય ઠગાઈનો ભોગ બનેલા નાગરિકો માટે ઘર બેઠાં જ ઓનલાઈન ફરિયાદ માટે e - zero FIR સિસ્ટમ શરુ કરી. સાયબર ફ્રોડનો ભોગ બનેલ વ્યક્તિ **1930** પર નેશનલ સાયબરક્રાઈમ હેલ્પલાઈન પર કોલ કરીને ફરિયાદ નોંધાવી શકે છે.

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દેશની 2 લાખ આંગણવાડી કેન્દ્રોને **'સક્ષમ આગણવાડી'** તરીકે અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ કાર્ય **'મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0'** અંતર્ગત થઈ રહ્યું છે. સક્ષમ આંગણવાડીઓમાં LED સ્ક્રીન, શુદ્ધ પીવાનું પાણી, પોષણ વાટિકા અને બાળકો માટે શૈક્ષણિક સાહિત્ય મળશે. કામગીરી અને પોષણના મોનિટરિંગ માટે **'પોષણ ટ્રેકર'** એપ્લિકેશનનો ઉપયોગ થાય છે.

- **આંધ્રપ્રદેશ** સરકારે શહેરી પૂરની સચોટ આગાહી માટે **AI 'સિટી ફ્લડ એલર્ટ' પ્લેટફોર્મ** શરૂ કર્યું. આ સિસ્ટમ 48 કલાક અગાઉ વરસાદની આગાહી અને 6 કલાક અગાઉ પૂરની ચેતવણી આપી શકે છે. **વિજયવાડામાં** તેની શરૂઆત થઈ છે, જ્યાં **બુડામેરુ** નદી પૂરની સંભાવના ધરાવે છે.

## **<u>29 જુલાઈ</u>**

- વૈજ્ઞાનિકોએ રેડિયલ વેલોસિટી ટેકનોલોજીનો ઉપયોગ કરીને CD-35 2722 B નામના ભૂરા વામન ગ્રહની પરિક્રમા કરતો એક મોટો અવકાશી પદાર્થ શોધી કાઢ્યો છે. આ વામન ગ્રહ પોતે એક તારાની પરિક્રમા કરે છે. આ પદાર્થનું દળ ગુરુના દળ કરતાં લગભગ 90% છે. તે 170 દિવસમાં એક ક્રાંતિ પૂર્ણ કરે છે.

- અમેરિકી ઉદ્યોગપતિ ઇલોન મસ્કે **'એક્સ મની'** સેવા શરૂ કરી છે. આ સુવિધા વૉશિંગ્ટન ડીસી સહિત અમેરિકાના 41 રાજ્યના પ્રીમિયમ અને પ્રીમિયમ + યુઝર્સને જ મળશે. લોકો કોઈપણ ચાર્જ વગર તરત જ આ સુવિધાથી ઓનલાઈન પૈસા મોકલી શકશે.

- ચીને 582 ટન વજનનું વિશ્વનું સૌથી મોટું સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન મેગ્નેટ સફળતાપૂર્વક તૈયાર કરી દીધું છે. 21 મીટર લાંબું અને 12 મીટર પહોળું આ D-આકારનું મેગ્નેટ **'આર્ટિફિશિયલ સન' (ન્યૂક્લિયર ફ્યુઝન રિએક્ટર) પ્રોજેક્ટનો** મુખ્ય ભાગ છે, જે સૂર્ય જેવી ફ્યુઝન પ્રક્રિયા દ્વારા સ્વચ્છ અને લગભગ અમર્યાદિત ઊર્જા ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરે છે. આ મેગ્નેટ આર્ટિફિશિયલ સનમાં 10 કરોડ° Cથી વધુ તાપમાન

ધરાવતા પ્લાઝ્માને ચુંબકીય ક્ષેત્રમાં નિયંત્રિત રાખશે. આ ટેક્નોલોજી ભવિષ્યમાં સ્વચ્છ, કાર્બન-મુક્ત અને લગભગ અમર્યાદિત ઊર્જા ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ છે. ચીનનું લગભગ 2030 સુધીમાં ફ્યુઝન આધારિત વીજ શરૂ કરવાનું લક્ષ્ય છે.

- RBI ટૂંક સમયમાં રૂ. 10 અને રૂ. 20ના મૂલ્યમાં પોલિમર (પ્લાસ્ટિક) નોટો માટે ફિલ્ડ ટ્રાયલ શરૂ કરશે. 2 અબજ પોલિમર નોટો છાપવા માટે મંજૂરી આપવામાં આવી છે. વિશ્વભરના લગભગ 60 દેશોમાં પોલિમર નોટો પહેલાંથી જ ઉપયોગમાં છે.

- ભારતીય સંશોધકોએ મહારાષ્ટ્રના **કોલ્હાપુર** જિલ્લામાં આવેલી પશ્ચિમ ઘાટની સહ્યાદ્રી પર્વતમાળામાં છત્રી આકારની પોલીપોર ફૂગ (Umbrella-shaped Polypore Fungus)ની નવી પ્રજાતિની શોધ કરી છે. આ નવી પ્રજાતિને **Microporellus kolhapurensis** નામ આપવામાં આવ્યું છે, જે તેના શોધ સ્થળ **કોલ્હાપુર** પરથી રાખવામાં આવ્યું છે. આ શોધ ભારતની ફૂગીય જૈવવિવિધતા (Fungal Biodiversity)ના દસ્તાવેજીકરણમાં મહત્વપૂર્ણ ઉમેરો માનવામાં આવે છે. આ સંશોધન **રાજારામ કોલેજ, કોલ્હાપુર**ના સંશોધકો દ્વારા કરવામાં આવ્યું હતું.

- કેન્દ્ર સરકારે અમૃતસરના **શ્રી ગુરુ રામદાસજી આંતરરાષ્ટ્રીય એરપોર્ટને** દેશના બીજા 'હબ એન્ડ સ્પોક' એરપોર્ટ તરીકે વિકસાવ્યું છે. આ પહેલ હેઠળ એર ઇન્ડિયાએ **'ઈઝી કનેક્ટ (Easy Connect)'** સેવા શરૂ કરી છે, જેના કારણે પંજાબ અને આસપાસના વિસ્તારોના મુસાફરોને દિલ્હી મારફતે વિશ્વનાં અનેક આંતરરાષ્ટ્રીય સ્થળો સુધી વધુ સરળ અને ઝડપી હવાઈ જોડાણ મળશે.

- રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા (RBI) દ્વારા બેંકિંગ લાઇસન્સ રદ કરવામાં આવ્યા બાદ દિલ્હી હાઈકોર્ટે પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડ (PPBL)ને વિસર્જન (Winding Up) કરવાની મંજૂરી આપી છે. આ સાથે સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા (SBI)ના ભૂતપૂર્વ અધિકારી **ગિરીકુમાર એમ. નાયરને** બેંકના સત્તાવાર લિક્વિડેટર (Official Liquidator**)** તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. RBIએ એપ્રિલ 2026માં પેટીએમ પેમેન્ટ્સ બેંકનું બેંકિંગ લાઇસન્સ રદ કર્યું હતું.

- ભારતની પ્રથમ સીધી વ્યાવસાયિક કન્ટેનર માલવાહક (Commercial Container Freight) ટ્રેન સફળતાપૂર્વક **કોલકાતા બંદરથી નેપાળના બિરાટનગર કસ્ટમ્સ યાર્ડ** સુધી પહોંચી. આ ટ્રેનમાં 40 ટેન્ક વેગનમાં કેનોલા (Canola) તેલનો જથ્થો મોકલવામાં આવ્યો હતો. આ સેવા નવીન ભારત-નેપાળ રેલ ટ્રાન્ઝિટ પ્રોટોકોલ હેઠળ શરૂ કરવામાં આવી છે, જેના કારણે હવે સરહદ પર માલની પુન: હેરફેર (Transshipment) કર્યા વિના સીધો રેલ માર્ગે પરિવહન શક્ય બન્યો છે.

- BIMCO–ICS Seafarer Workforce Report 2026 અનુસાર ભારત હવે વિશ્વમાં નાવિકો (Seafarers) પૂરા પાડતો **બીજો** સૌથી મોટો દેશ બન્યો છે. ભારતે આ ક્ષેત્રમાં ચીન અને રશિયાને પાછળ છોડી દીધાં છે. હાલમાં **ફિલિપાઇન્સ** પ્રથમ સ્થાને છે.

- મિંત્રાની પૂર્વ સીઈઓ નંદિતા સિન્હા **ઇંસ્ટામાર્ટના** નવા સીઈઓ તરીકે નિયુક્ત.

- સરકારે રાજ્યસભામાં રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, 2026 રજૂ કર્યું. તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ને તે જ કાનૂની રક્ષણ આપવાનો છે જે હાલમાં રાષ્ટ્રગીત 'જન ગણ મન'ને

આપવામાં આવે છે. 'વંદે માતરમ' ગાવામાં ઇરાદાપૂર્વક અવરોધ ઊભો કરનાર કોઈપણ વ્યક્તિને ત્રણ વર્ષ સુધીની જેલ અથવા દંડ થઈ શકે છે.

- માર્કેટ રિસર્ચ ફર્મ ટ્રેક્સનના નવા અહેવાલ મુજબ, **બેંગલુરુ** દેશના સ્પેસ-ટેક ઇકોસિસ્ટમ માટે સૌથી મોટા હબ તરીકે ઉભરી આવ્યું છે. બેંગલુરુ સ્થિત કંપનીઓએ જ દેશના કુલ સ્પેસ-ટેક ફંડિંગના 57% (આશરે રૂ.4,795 કરોડ) મેળવ્યા છે. 2025માં, ભારતના સ્પેસ-ટેક સેક્ટરને લગભગ રૂ.1,915 કરોડનું રેકોર્ડ ફંડિંગ મળ્યું.

## 30 જુલાઈ

- ભારતીય ફિનટેક કંપની **OmniCardએ** UPI આધારિત દેશનું પ્રથમ **Flexi Benefits Basket** લોન્ચ કર્યું છે. આ નવી સુવિધા દ્વારા કર્મચારીઓ હવે માત્ર Meal Benefits સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ કંપની દ્વારા આપવામાં આવતા વિવિધ ટેક્સ-બચત (Tax-efficient) લાભોને પોતાની જરૂરિયાત મુજબ પસંદ કરીને તેનો ઉપયોગ કરી શકશે.

- મધ્ય પ્રદેશના **ગ્વાલિયરમાં** દેશનો પ્રથમ ટેલિકોમ મેન્યુફેક્ચરિંગ ઝોન (Telecom Manufacturing Zone - TMZ) સ્થાપવામાં આવશે. આ માટે ભારત સરકારના ટેલિકોમ વિભાગ (DoT) અને મધ્ય પ્રદેશ સરકાર વચ્ચે નવી દિલ્હીમાં સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થશે. કરાર બાદ પ્રોજેક્ટના અમલીકરણ માટે સ્પેશિયલ પર્પઝ કંપની (SPC)ની રચના કરવામાં આવશે અને પ્રથમ તબક્કાનું કાર્ય શરૂ થશે.

- લોકસભાએ Public Examinations (Prevention of Unfair Means) Amendment Bill, 2026 ધ્વનિમતથી પસાર કર્યું. તે અંતર્ગત જાહેર પરીક્ષાઓમાં પેપર લીક, સંગઠિત નકલ અને પરીક્ષા ગેરરીતિઓ સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

  ✓ **બિલની મુખ્ય વિશેષતાઓ:** આ સુધારો જાહેર પરીક્ષા (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ, 2024 અંતર્ગતની જોગવાઈઓને વધુ કડક બનાવવા માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યો. તેની વિશેષતાઓ નીચે મુજબ છે.

  ✓ **મહત્તમ સજા:** 5થી 10 વર્ષ સુધીની કેદ
  ✓ **મહત્તમ દંડ:** 50 લાખ રૂપિયા
  ✓ **સંગઠિત અપરાધ બદલ સજા:** ઓછામાં ઓછી 7 વર્ષની કેદ અને 10 કરોડ રૂપિયા સુધીનો દંડ
  ✓ **તપાસની સમયમર્યાદા:** 2 મહિના
  ✓ **ટ્રાયલની સમયમર્યાદા:** ચાર્જશીટ દાખલ થયાના 3 મહિનાની અંદર
  ✓ **ખાસ જોગવાઈ:** મોટા કેસો માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ

  ✓ આ કાયદામાં એજન્સીઓ દ્વારા લેવામાં આવતી જાહેર પરીક્ષાઓ જેમકે, UPSC, SSC, NTA, RRB અને બેંકિંગ ભરતી એજન્સીઓ વગેરેને આવરી લેવામાં આવેલ છે.

- વર્લ્ડ શૂટિંગ પેરા સ્પોર્ટ્સ વર્લ્ડ કપ 2026માં રાજસ્થાનના પૈરા શૂટર **રાહુલ શર્માએ** 10 મીટર એર પિસ્તોલ સ્ટાન્ડર્ડ (SH1) ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.

- ભારતની **ભૂમિકા શાજવાણીએ** 'મિસીસ અર્થ એલિટ 2026'નો ખિતાબ જીત્યો.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)ના અસરકારક અમલીકરણ હેઠળ ડિજિટલ સર્વગ્રાડી પ્રગતિ પત્રક (Holistic Progress Card - HPC) અમલમાં મૂકનાર **ગુજરાત** દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. NCERT-PARAKH (Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development) દ્વારા ગુજરાતની આ સુધારાવાદી પહેલની પ્રશંસા કરવામાં આવી છે, જ્યારે ગોવા, હિમાચલ પ્રદેશ અને મણિપુર જેવા રાજ્યોએ આ મોડેલનો અભ્યાસ કરવા રસ દાખવ્યો છે.

- દુબઈ જનારા ભારતીયો હવે બુર્જ ખલીફાના 'એટ ધ ટોપ' ઓબ્ઝર્વેશન ડેકની ટિકિટ સત્તાવાર વેબસાઇટ પર યુપીઆઈ દ્વારા ઓનલાઇન બુક કરી શકશે. આ સુવિધા એનઆઈપીએલ દ્વારા શરૂ કરવામાં આવી છે.

- નાસાના **ક્યુરિયોસિટી રોવરે** મંગળ ગ્રહના અભ્યાસ દરમિયાન અનેક વિચિત્ર આકાર ધરાવતી શિલાઓની તસવીરો કેદ કરી છે. યુએફઓ સંશોધક સ્કોટ સી. વોરિંગે રોવર દ્વારા લેવામાં આવેલી એક તસવીર શેર કરી છે. જેમાં મંગળની સપાટી પર પડેલો અત્યંત અસામાન્ય આકારનો ખડક જોવા મળે છે. આ ખડક આસપાસના અન્ય ખડકોથી સંપૂર્ણપણે અલગ દેખાય છે.

- ભારતીય કોસ્ટ ગાર્ડમાં મહિલા અધિકારીઓને હવે **તેમના પુરુષ સમકક્ષો જેટલી જ શોર્ટ સર્વિસ અને કાયમી કમિશનની તકો** મળશે. અગાઉ, 2020માં સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભારતીય સેનામાં મહિલાઓને કાયમી કમિશનનો અધિકાર આપવામાં આવ્યો હતો.

- સાયબર-નાણાકીય છેતરપિંડીના કેસ માટે ઈ-ઝીરો એફઆઈઆર નોંધાવવામાં **દિલ્હી** 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે છે. મે 2025માં સિસ્ટમ શરૂ થઇ ત્યારથી, દિલ્હીમાં 6,115 અને ચંદીગઢમાં 4,174 કેસ નોંધાયા છે.

- નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલના અધ્યક્ષ **કેશવ ચંદ્રએ** ખાણ મંત્રાલય (Ministry of Mines)ના નવા સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો છે.

## 31 જુલાઈ

- કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2026-27 માટે 'વિકસિત ભારત -ગેરેટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)' (VB-G RAM G એક્ટ, 2025) હેઠળ ગ્રામીણ રોજગારી માટે ₹95,692 કરોડની રકોર્ડ રકમ ફાળવી છે. VB-G RAM G એક્ટ, 2025 એ ભારતનો નવો કાનૂની ગ્રામીણ રોજગાર કાર્યક્રમ છે, જણે જૂની મનરેગા' યોજનાનું સ્થાન લીધું છે. આ કાયદા હેઠળ કામ કરવા ઇચ્છુક દરેક ગ્રામીણ પરિવારને એક નાણાકીય વર્ષમાં 125 દિવસની વેતન રોજગારીની ખાતરી આપવામાં આવે છે જે મનરગા હેઠળ 100 દિવસ હતી.

- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)એ **VISHWAS 2026** અને **AMNESTY 2026** નામની એક વખત અમલમાં આવતી વિશેષ યોજનાઓ શરૂ કરી છે. તેનો હેતુ નોકરીદાતાઓને સ્વૈચ્છિક રીતે નિયમોનું પાલન કરવા પ્રોત્સાહિત કરવાનો અને ભવિષ્ય નિધિ (PF) સંબંધિત વર્ષોથી બાકી રહેલા વિવાદોનું નિરાકરણ લાવવાનો છે. આ યોજનાઓ અંગે નોકરીદાતાઓને માર્ગદર્શન આપવા અને જૂના પાત્ર કેસોને નિયમિત કરવા માટે વિશેષ સહાય કેન્દ્રો (Assistance Cells) પણ સ્થાપવામાં આવ્યાં છે.

- સિંગાપુરની અગ્રણી **DBS Bankને** Global Finance મેગેઝિન દ્વારા 2026 Global Bank Awardsમાં 'World's Best Corporate Bank' તરીકે પસંદ કરવામાં આવી છે. આ એવોર્ડની શ્રેણી 2005માં શરૂ થયા બાદ પ્રથમ વખત કોઈ Southeast Asian બેંકને આ ખિતાબ મળ્યો છે. Global Finance અનુસાર DBSએ કોર્પોરેટ બેન્કિંગ ક્ષેત્રમાં નવી પેઢીની ડિજિટલ સુવિધાઓ વિકસાવી છે. બેંકનું બ્લોકચેન આધારિત Programmable Payments Platform, AI આધારિત કોર્પોરેટ બેન્કિંગ સોલ્યુશન્સ, તેમજ લિક્વિડિટી મેનેજમેન્ટ અને વૈશ્વિક ટ્રાન્ઝેક્શન સેવાઓમાં નવીનતા તેને અન્ય બેંકો કરતાં અલગ બનાવે છે.

- ભારતીય સ્ટેટ બેંક (SBI) વર્ષ 2026માં **રૂપિયામાં મૂલ્યાંકિત (Rupee-denominated) પરપેચ્યુઅલ બોન્ડ (Perpetual Bond)** બહાર પાડનાર દેશની પ્રથમ બેંક બનવાની તૈયારીમાં છે. આ બોન્ડ દ્વારા SBI અંદાજે **₹5,000 કરોડ (50 અબજ રૂપિયા)** એકત્રિત કરવાની યોજના બનાવી રહી છે. બજારની સ્થિતિ અનુકૂળ રહેશે તો આ ઈશ્યૂ જુલાઈના અંતમાં અથવા નજીકના સમયમાં બહાર પાડવામાં આવી શકે છે. પરપેચ્યુઅલ બોન્ડની કોઈ નિશ્ચિત પરિપક્વતા (Maturity) હોતી નથી. બેંક ઇચ્છે ત્યારે નિર્ધારિત સમયગાળા બાદ તેને પરત ખરીદી (Call Option) શકે છે. આવા બોન્ડ સામાન્ય રીતે **બેસલ-III (Basel III) હેઠળના Additional Tier-1 (AT1) મૂડી સાધન** તરીકે ગણાય છે, જે બેંકોને પોતાની મૂડી મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે. SBI દ્વારા આ ભંડોળનો ઉપયોગ બેંકની મૂડીની સ્થિતિ (Capital Adequacy) વધુ મજબૂત કરવા, નિયમનકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા તેમજ ભવિષ્યમાં ધિરાણ ક્ષમતા વધારવા માટે કરવામાં આવશે. નિષ્ણાતોના મત અનુસાર, આ ઈશ્યૂ સફળ રહેશે તો અન્ય ભારતીય બેંકો પણ આવી જ પ્રકારની મૂડી ઊભી કરવા માટે પરપેચ્યુઅલ બોન્ડ બજારમાં પ્રવેશી શકે છે.

- ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની 2028–29ની અવધિ માટે અસ્થાયી સભ્યપદ મેળવવા માટે પોતાના સત્તાવાર ચૂંટણી અભિયાનની શરૂઆત કરી. ન્યૂયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય ખાતે વિદેશ મંત્રી **ડૉ. એસ. જયશંકરે** ભારતની ઉમેદવારી રજૂ કરતાં **'SHANTI'** નામનું દ્રષ્ટિકોણ (Vision) રજૂ કર્યું. ભારતે વિશ્વમાં શાંતિ, સુરક્ષા, વિશ્વાસ અને ન્યાયસંગત વિકાસ માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જયશંકરે જણાવ્યું કે ભારતે સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના પછીથી અત્યાર સુધીમાં લગભગ 3 લાખથી વધુ શાંતિરક્ષક (Peacekeepers) વિવિધ મિશનોમાં મોકલ્યા છે અને હાલમાં પણ 10 યુએન શાંતિ મિશનોમાં 4,300થી વધુ ભારતીય કર્મચારીઓ સેવા આપી રહ્યા છે. ભારત સતત સંવાદ, કૂટનીતિ અને ગ્લોબલ સાઉથના હિતોની વકીલત કરતું રહ્યું છે. ભારત અગાઉ **8 વખત** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાયી સભ્ય રહી ચૂક્યું છે. હવે 2028–29ની અવધિ માટે ફરીથી ચૂંટાવા ભારતે વૈશ્વિક સમર્થન મેળવવાના પ્રયાસો તેજ કર્યા છે. આ અભિયાન સાથે ભારતે UNSCમાં કાયમી સભ્યપદ તેમજ વિકાસશીલ દેશોને વધુ વ્યાપક પ્રતિનિધિત્વ આપવાની પોતાની લાંબા સમયથી ચાલી આવતી માંગને પણ વધુ મજબૂત રીતે રજૂ કરી છે.

✓ **SHANTI નો પૂર્ણ અર્થ:**

**S** - Securing **H** - Holistic **A** - Advancement **N** - through Norms **T** - Trust **I** - Integrity

- ભારત અને માલદીવે ડિજિટલ ચુકવણી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં માલદીવની **'Favara'** (ફવારા) ઇન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ અને ભારતની Unified Payments Interface (UPI) વચ્ચે ક્રોસ-બોર્ડર પેમેન્ટ કોરિડોર શરૂ કર્યો છે. આ નવી વ્યવસ્થાથી બંને દેશોના લોકો હવે ઝડપી, સુરક્ષિત અને

ઓછી કિંમતમાં સરહદ પાર નાણાંની લેવડદેવડ કરી શકશે. આ પહેલના પ્રથમ તબક્કામાં ભારત અને માલદીવના વ્યક્તિઓ એકબીજાને તાત્કાલિક (Real-time) નાણાં મોકલી અને પ્રાપ્ત કરી શકશે. આગામી તબક્કામાં QR કોડ આધારિત વેપારી ચુકવણી (Merchant Payments) પણ શરૂ કરવામાં આવશે, જેના કારણે પ્રવાસીઓ, વેપારીઓ અને બંને દેશો વચ્ચેના વેપારને વધુ પ્રોત્સાહન મળશે. આ પેમેન્ટ કનેક્ટિવિટી NPCI International Payments Limited (NIPL) અને Maldives Monetary Authority (MMA)ના સહયોગથી વિકસાવવામાં આવી છે. આ પહેલ ભારતના ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અને UPIના વૈશ્વિક વિસ્તરણ તરફનું વધુ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

- સંસદની વિદેશ બાબતોની સ્થાયી સમિતિએ કેન્દ્ર સરકારને ભલામણ કરી છે કે ભારતે 'પોલર એમ્બેસેડર (Polar Ambassador)'ની નિમણૂક કરવી જોઈએ અને આર્કટિક કાઉન્સિલ (Arctic Council)નું પૂર્ણ સભ્યપદ (Full-fledged Membership) મેળવવા પ્રયાસ કરવા જોઈએ. હાલમાં ભારત આર્કટિક કાઉન્સિલમાં માત્ર ઓબ્ઝર્વર (Observer) દેશ છે અને તેને નિર્ણય લેવાનો અધિકાર નથી. સમિતિએ વધુમાં સૂચન કર્યું છે કે ભારતે રશિયાના આર્કટિક સંશોધન કેન્દ્રોનો ઉપયોગ કરવાની સંભાવનાઓ પણ તપાસવી જોઈએ, કારણ કે યુક્રેન યુદ્ધને કારણે કેટલીક આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો છે. ઉપરાંત, ભારતે ધ્રુવીય સંશોધનને માત્ર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી નહીં પરંતુ ભૂરાજનીતિ (Geopolitics), ઊર્જા સુરક્ષા, જળવાયુ પરિવર્તન અને દુર્લભ ખનિજ સંસાધનોના દૃષ્ટિકોણથી પણ જોવાની જરૂર હોવાનું સમિતિએ જણાવ્યું છે. ભારતને 2013માં આર્કટિક કાઉન્સિલમાં ઓબ્ઝર્વરનો દરજ્જો મળ્યો હતો. કાઉન્સિલમાં **8** સભ્ય દેશો છે, જ્યારે ભારત સહિત **13 ઓબ્ઝર્વર દેશો** છે. ઓબ્ઝર્વર દેશો ચર્ચામાં ભાગ લઈ શકે છે, પરંતુ તેમને મતાધિકાર કે નિર્ણય લેવાની સત્તા મળતી નથી. સમિતિએ ભારતના **હિમાદ્રિ (આર્કટિક)**, **મૈત્રી** અને **ભારતી (એન્ટાર્કટિકા)** જેવા સંશોધન મથકોને વધુ મજબૂત બનાવવા, ધ્રુવીય સંશોધન માટે પૂરતા ભંડોળની વ્યવસ્થા કરવા અને National Centre for Polar and Ocean Research (NCPOR)ની ક્ષમતા વધારવા પર પણ ભાર મૂક્યો છે.

- ભારતીય ક્રિકેટર અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.

- અસમે ભૂટાનમાં ડેરી ઉત્પાદનનો વ્યાપ વધારવા માટે 5,627 લિટરના જથ્થામાં **'પુરબી આઇસ્ક્રીમ'નો** જથ્થો નિકાસ કર્યો. પૂર્વી આઇસ્ક્રીમનું ઉત્પાદન વેસ્ટ અસમ મિલ્ક પ્રોડ્યુસર્સ કોઓપરેટિવ યુનિયન લિમિટેડ (WAMUL) દ્વારા કરવામાં આવે છે અને તેનું માર્કેટિંગ નોર્થ ઇસ્ટ ડેરી એન્ડ ફૂડ્સ લિમિટેડ(NEFDFL) દ્વારા કરવામાં આવે છે.

- એસ્ટ્રાજેનેકા ઇન્ડિયાએ અમરાવતી, આંધ્રપ્રદેશ ખાતે જીનોમિક સોલ્યુશન સેન્ટર શરુ કર્યું. આ કેન્દ્ર ભારતમાં પ્રથમ ઈન્ટિગ્રેટેડ પ્રિસિઝન ઓન્કોલોજી પ્રોગ્રામનો એક ભાગ છે જે કેન્સરના નિદાન અને યોગ્ય સારવાર માટે જીનેટીક રિસર્ચ પર કામ કરશે. આ સારવાર પદ્ધતિમાં દર્દીના DNA અને જિનેટિક ડેટાના આધારે કેન્સરનું ચોક્કસ નિદાન કરીને વ્યક્તિગત સારવાર નક્કી કરવામાં આવે છે. આં સેન્ટરનું મુખ્ય લક્ષ્ય ફેફસા તથા સ્તનના કેન્સર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

- ગ્લાસગો ખાતેની કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતના **દિલીપ ગાવીતે** પેરા 100 મીટર રેસમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેણે 10.7 સેકન્ડના સમય સાથે આ રેસ જીતી છે.

- ગણિતમાં સર્વોચ્ચ સન્માન, ફિલ્ડ્સ મેડલની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે, આ

- એવોર્ડયુ ડેંગ અને હોંગ વાંગ (ચીન), જોન પાર્ડન (યુએસએ) અને જેકબ ત્સીમરર્મેન (કેનેડા)ને ગણિતમાં સર્વોચ્ચ સન્માન, ફિલ્ડ્સ મેડલની જાહેરાત કરવામાં આવી. યુ ડેંગે ભૌતિકશાસ્ત્ર અને ગણિતને જોડતાં સમીકરણો પર કામ કર્યું હતું, જ્યારે જેકબ ત્સીમરમેનએ સંખ્યા સિદ્ધાંત અને બીજગણિત ભૂમિતિમાં ગ્રિફિથ્સ અનુમાન ઉકેલ્યું હતું. આ પુરસ્કાર દર ચાર વર્ષે 40 વર્ષથી ઓછી ઉંમરના ગણિતશાસ્ત્રીઓને આપવામાં આવે છે.

- નાણા મંત્રાલયે **'એક અધિકારી, એક સરકારી કાર'** નીતિ લાગુ કરી છે. જો કોઈ અધિકારી એક કરતાં વધુ મંત્રાલય અથવા વિભાગનો વધારાનો હવાલો સંભાળે છે. તો ફક્ત એક જ સરકારી વાહનનો હકદાર રહેશે. આ નિયમ જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સ્વાયત્ત સંસ્થાઓના વાહનોને લાગુ પડશે.